Tuesday 10, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૦૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

## વાપીમાં રૂા.૫ લાખની લાંચ લેતા પી.એફ. કચેરીના બે અધિકારી ઝડપાયા





**કેન્દ્ર સરકારની કચેરીમાં ક્લાસ-૧ અને ક્લાસ-૨ જેવા ઉચ્ચ હોદ્દા અને માતબર પગાર ધરાવતા પી.એફ. કમિશનર અને એન્ફોર્સમેન્ટ ઓફિસર એન્ટી કરપ્શન બ્યુરોના છટકામાં રંગે હાથ ઝડપાયા**

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી,તા.૦૯:** વલસાડ જિલ્લાના વાપી ખાતે ગુંજન ચાર રસ્તા પાસે આવેલા સ્નેહદીપ કોમ્પલેક્ષમાં એસીબીની ટીમે ટ્રેપ ગોઠવી એક ક્લાસ વન અને બીજા ક્લાસ ટુ અધિકારીને ૫ લાખના લાંચ કેસમાં પકડ્યા છે. કેન્દ્ર સરકારના બંને અધિકારી હર્ષદકુમાર પરમાર (વર્ગ-૧) અને સુપ્રભાત રંજન તોમર (વર્ગ ૨)ની લાંચ કેસમાં ધરપકડ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

દક્ષિણ ગુજરાતમાં ખાનગી કંસ્ટ્રકશન કંપની ચલાવતા એક બિલ્ડરે તેમની કંપનીમાં કામ કરતા કર્મચારીઓના પી.એફ. કપાવવાની કાર્યવાહી કરી ન હતી. આથી પી.એફ. કચેરી ખાતેથી બિલ્ડરની કંપનીને નોટિસ મળી હતી. સમગ્ર મામલે વાપી પી.એફ. કચેરી ખાતે કેસ ચાલતો હતો. આ મામલામાં કેસનો ઝડપી નિકાલ કરવા તેમજ બિલ્ડરને થનારા દંડની રકમ ઓછી કરવા હર્ષદ લખુજીભાઈ પરમાર અને સુપ્રભાત રંજન અવનેન્દ્રનાથસિંહ તોમરે ભેગા મળીને ૫ લાખ રૂપિયાની લાંચ માગી હતી.

બિલ્ડર લાંચની રકમ આપવા માંગતા નહિ હોવાથી તેમને ગુજરાત એન્ટી કરપ્શન બ્યૂરોના અધિકારીનો સંપર્ક કરી ફરિયાદ કરી હતી. આજરોજ એસીબીની ટીમે વાપી સ્નેહદીપ કોમ્પલેક્ષ ખાતે આવેલી આસિ. પીએફ કમિશનરની ચેમ્બરમાં ટ્રેપ ગોઠવી હતી. આસિ. પીએફ કમિશનર હર્ષદ પરમારના કહેવાથી એન્ફોર્સમેન્ટ ઓફિસર સુપ્રભાત રંજન તોમરે ૫ લાખની લાંચ સ્વીકારી હતી. દરમિયાનમાં એસીબી ટીમે બંનેને રંગે હાથ ઝડપી લઈ લાંચની રકમ કબજે કરી હતી.

ટ્રેપ કરવામાં એસીબી પીઆઈ જે. આર. ગામીત અને તેમની ટીમ સામેલ હતી. જ્યારે સુપરવિઝન અધિકારી મદદનીશ નિયામક સુરત આર. આર. ચૌધરી હતા.



સમગ્ર પંથકમાં આસ્થાનું પ્રતિક ગણાતા વલસાડના મોટા બજારના ગણપતિ મંદિરની શ્રીજી પ્રતિમાને મનોહર શણગાર કરાયો

## વલસાડ જિલ્લામાં પણ ગણેશ મંડપો પર પોલીસ પેટ્રોલિંગ શરૂ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ,તા.૯:** સુરતના સૈયદપુરા વિસ્તારમાં ગણેશોત્સવ દરમિયાન પંડાલમાં કેટલાક ટીખળખોરોએ પથ્થર મારો કરવાની ઘટના બાદ વલસાડ જિલ્લા પોલીસવડાની સૂચનાથી જિલ્લાના તમામ ગણેશ મંડપમાં પોલીસ દ્વારા રાત્રી દરમિયાન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. અને ગણેશોત્સવમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા વલસાડ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.





**સુરતમાં શ્રીજી પંડાલ પર પત્થરમારો થયા બાદ વલસાડ પોલીસ સાવચેત**

સમગ્ર મહારાષ્ટ્ર સાથે ગુજરાત રાજ્યમાં ગણેશ ચતુર્થીના દિવસે ગણપતિ બાપાની મૂર્તિને સ્થાપના કરી ઠેર ગણેશોત્સવ મનાવવામાં આવી રહ્યો છે ત્યારે ગઈકાલે રાત્રે સુરત શહેરના સૈયદપુરા વિસ્તારમાં વરીયાળી બજારમાં ગણેશ ઉત્સવ દરમિયાન કેટલાક ટીખળખોરોએ પત્થરમારો કરવાની ઘટના બનતા વાતાવરણ તંગ થઈ ગયુ હતું. અને ઘટનાની જાણ થતાની સાથે જ હિન્દુ સમાજના લોકો ગણેશ મંડપ બહાર મોટી સંખ્યામાં દોડી ગયા હતા. કેટલાક હિન્દુ સંગઠનના અગ્રણીઓએ ઘટના અંગે પોલીસને જાણ કરતા પોલીસનો કાફલો ફરતી દેવામાં આવ્યો હતો. ઘટનાને લઈને રાજ્ય પોલીસ વિભાગ રાજ્યના તમામ પોલીસ મથકોને એલર્ટ જાહેર કર્યું હતું. વલસાડ જિલ્લા પોલીસ વડા ડૉ. કરનરાજ વાઘેલાની સુચનાના આધારે વલસાડ શહેર સહિત જિલ્લાના તમામ પોલીસ મથક વિસ્તારમાં આવતા સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારમાં આવતા દરેક ગણેશ મંડળ ઉપર કોઈ અનિચ્છનીય ઘટનાઓ ન ઘટે તે માટે તકેદારીના ભાગ પોલીસ દ્વારા સતત રાત્રી પેટ્રોલિંગ કરવામાં આવી રહી છે.

### ચીખલી સેવા સદન ખાતે યોજાયેલી શાંતિ સમિતિની બેઠક પૂર્ણ થયા બાદ રહસ્યમય બેઠક!

## ચીખલી પ્રાંતમાં વિહીપ સાથે બંધ બારણે બેઠકથી તર્ક-વિતર્ક

**હિન્દુ-મુસ્લિમ પ્રતિનિધિઓ સાથે માત્ર ૧૦ મીનીટમાં બેઠક આટોપી લઈ વિહીપ સાથે બંધ બારણે બેઠક યોજીઃ પત્રકારોને કહ્યું આ અમારી અંગત બેઠક છે!**

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી,તા.૯:** ચીખલી તાલુકામાં ઈદે મિલાદ અને ગણપતિ વિસર્જનનો તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ચીખલી પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી જેમાં મુસ્લિમ બિરાદરો અને ગણપતિ આયોજકો સાથે મીટીંગ સેવા સદન ખાતે રાખવામાં આવી હતી જેમાં પ્રાંત અધિકારીએ માત્ર ૧૦ મિનિટની અંદર જ શાંતિ સમિતિની બેઠક પૂર્ણ કરી દેતા ગણપતિ આયોજકો અને મુસ્લિમ બિરાદારો પણ અચંબામાં પડી ગયા હતા. ત્યારબાદ વીએચપીના કાર્યકરો સાથે બંધ બારણે મીટીંગ યોજવામાં આવતા આવી હતી જેમાં પત્રકારો પણ સામેલ થતાં ચીખલીના પ્રાંત અધિકારીએ મીડિયા કર્મીઓને જણાવેલ કે તમને કોણે બોલાવ્યા? આ તો અમારી અંગત મીટીંગ છે.

ચીખલી તાલુકામાં હિન્દુ મુસ્લિમોના પવિત્ર તહેવારો ભાઈચારા સાથે ધામધૂમથી ઉજવાતા હોય છે ત્યારે આગામી દિવસોમાં ઈદે મિલાદ અને ગણપતિ વિસર્જનનો તહેવાર આવી રહ્યો હોય ત્યારે આ તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં ઉજવવામાં આવે તે માટે ચીખલી પ્રાંત અધિકારી મિતેશ પટેલની અધ્યક્ષતામાં સેવા સદન ખાતે બપોરે બે કલાકે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં મુસ્લિમ બિરાદરોની મોટી સંખ્યા રહી હતી જયારે ગણપતિ આયોજકોની સંખ્યા માત્ર એક બે મંડળના આયોજકો હાજર રહ્યા હતા જેમાં પ્રાંત અધિકારીએ મિતેશ પટેલે ઈદે મીલાદનો તહેવાર અને ગણપતિ વિસર્જન શાંતિપૂર્ણ રીતે કરવા આયોજકોને જણાવ્યું હતું. માત્ર એક બે વાક્ય રચના બોલી મીટીંગ પૂર્ણ કરી દેવામાં આવી હતી જોકે ચીખલી તાલુકામાં કાવેરી નદી કિનારે તેમજ ઘેજ ખરેરા નદી કિનારે તથા કેટલાક ગામોમાં તળાવમાં ગણપતિ વિસર્જન કરવામાં આવતું હોય છે જેના માટે વહીવટી તંત્ર દ્વારા શું તકેદારી રાખેલ છે તેની કોઈ માહિતી મંડળના આયોજકોને પૂરી પાડી ન હતી એટલું જ નહીં પરંતુ ચીખલી તાલુકામાં ૪૦૦ થી વધુ જેટલી ગણપતિ મૂર્તિનું સ્થાપન કરવામાં આવેલ છે અને મોટા કદની પ્રતિમાઓ પણ રહી છે આ પ્રતિમાઓનું કઈ રીતે વિસર્જન કરવું તેની કોઈ પણ જાતની માહિતી આપવામાં આવી ન હતી અગાઉ પણ માર્ગ મકાન વિભાગ દ્વારા ચીખલી કાવેરી નદીનો જુનો પુલ જર્જરિત હોય જેના ઉપરથી મોટા કદની પ્રતિમાનું વિસર્જન ન થઈ શકે એમ જણાવેલ હતું ત્યારે માત્ર એક બે મંડળના જ આયોજકો હાજર રહ્યા હતા શાંતિ સમિતિની બેઠક પૂર્ણ થઈ ગયા બાદ પ્રાંત કચેરીમાં વીએચપીના કાર્યકરો સાથે મીટીંગ યોજવાનું પ્રયોજન શું? આ મિટિંગમાં પત્રકારોને બાકાત રાખવામાં આવતા ચીખલીના પ્રાંત અધિકારીને મીડિયાની એલર્જી રહી છે કે શું? ત્યારે નવસારી જિલ્લા કલેક્ટર સરકારના વિકાસના કામો તેમજ અન્ય કામગીરીની રૂપ રેખાઓ મીડિયાને બોલાવીને લોકો સુધી પહોંચાડી રહી છે ત્યારે ચીખલીના પ્રાંત અધિકારીને મીડિયાની એલર્જી હોય ત્યારે નવસારી જિલ્લા કલેકટર આ અધિકારીને કોઈ બોધપાઠ શીખવે તે જરૂરી બન્યું છે.

VIMAL POWERS
V-GUARD



ચટણી બનાવવી કે ઢોસાનું ખીરું
ઘરના રસોડામાં MIXER તો
V-GUARD નું જ

ડીસ્ટ્રીબ્યુટર : **વિમલ પાવર્સ, વાપી**
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
**Contact No. 9313540265**
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

## દાનહમાં અઢી દિવસના ગણપતિનું વિસર્જન

**રિવર ફ્રન્ટ ખાતે કુત્રિમ તળાવ ઊભું કરી કરાઈ રહ્યું છે**



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સેલવાસ, તા.૦૯ :** દાનહમાં ઠેર ઠેર અલગ અલગ સંગઠનો દ્વારા તેમજ લોકોએ પોતાના ઘરે ગણપતિની સ્થાપના કરી હતી. એક બે દિવસ પૂજા અર્ચના કર્યા બાદ આજે અઢી દિવસના ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ગણેશજી મૂર્તિનું વિસર્જન કરવામાં માટે SMC દ્વારા વિવિધ જગ્યાએ કુત્રિમ તળાવ ઉભા કરવામાં આવ્યા હતા. જેમાં સૌથી મોટું કુત્રિમ તળાવ સેલવાસ દમણગંગા રિવર ફ્રન્ટ પાસે ઉભું કરવામાં આવ્યું હતું. જેમાં આજરોજ લગભગ ૨૦૦ જેટલા ગણપતિની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

વિસર્જન કરવા માટે આવેલા ભક્તોની ભીડ રિવર ફ્રન્ટ ખાતે જામી હતી. પ્રશાસન દ્વારા ગણેશ વિસર્જન વખતે કોઈ અનિચ્છનીય ઘટના ન બને એ માટે પોલીસ જવાનો અને ફાયરના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. દમણગંગા રિવર ફ્રન્ટ ખાતે બનાવવામાં આવેલ જાજરૂ-બાથરૂમ ખુલ્લું ન હોવાના કારણે વિસર્જનમાં આવેલ ભક્તોને ભારે તકલીફ ઊભી થઈ હતી. આવનારા દિવસમાં ગણેશજીના વિસર્જન માટે વધુ ભીડ થશે તો જાજરૂ બાથરૂમની આવશ્યકતા ઉભી થશે. સેલવાસ પાલિકા દ્વારા આ બાબતે ધ્યાન આપવાની જરૂર છે.



## દેવસરના ગણરાજ પંડાલમાં ૧૦૦૮ મોદક યજ્ઞ

બીલીમોરા ગણદેવી રોડ સ્થિત દેવસર ના ગણરાજ મંડળ દ્વારા સોમવારે આયોજિત ૧૦૦૮ મોદક યજ્ઞમાં ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું.સેંકડો ભક્તો એ બે હાથ જોડી નતમસ્તક થઈ ગૌરી ગણેશ ગણરાજના આશીર્વાદ લઈ ધન્યતા અનુભવી હતી.ગણેશ પંડાલમાં ૭ ભૂદેવો નો સયુંકત સાંસ્કૃતિક વૈદિક મંત્રોચ્ચાર,પવિત્ર ગૂગલ ધૂપ અને મહાઆરતી સાથે ૧૦૦૮ મોદક યજ્ઞ યાદગાર બન્યો હતો. રોશનીના શળગાર થી ઝળહળતું દેવસર ના ગણરાજેનું વિશાળ પંડાલ જય ગણેશ દેવા અને જયશ્રી રામ ના ગગનભેદી નાદથી ગુંજી ઉઠ્યું હતું.શ્રી ગણેશ ભક્તોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## નાના ઉદ્યોગો માટે વીજ મર્યાદા ૧૫૦ કેવી કરાતા વીઆઈએ દ્વારા ઊર્જામંત્રીનો આભાર વ્યક્ત કરાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૦૯:** કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને વીજ વિતરણ માં મહત્વપૂર્ણ સુધારો કરવા માટે કરેલા સૂચન મુજબ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા ગુજરાત રાજ્યમાં સર્વ પ્રથમ ગુજરાતના ઉદ્યોગોના વિકાસ માટે ઉદ્યોગોના હિતમાં ઘણા ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યા છે.





વીઆઈએ સહિતના ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનનો તરફથી મળેલી રજૂઆતોને ધ્યાને લઈ, નાના ઉદ્યોગો વૈશ્વિક બજારમાં ટકી રહી શકે અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઝડપથી પ્રગતિ કરી શકે તે માટે નાણા અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ MSME એકમો માટે વીજ મર્યાદા LT ૧૦૦ કિલોવોટથી વધારી ૧૫૦ કિલોવોટ સુધી કરવાની જાહેરાત કરતા ફરી એકવાર ઉદ્યોગો અને તેમાં પણ ખાસ કરીને MSME ઉદ્યોગોને ફાયદો થશે અને દુનિયાના MSME ઉદ્યોગો સાથે હરણફાળે પ્રગતિ કરી શકશે. રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા આ સંબંધી જાહેરાનામા અંગે આજે વીઆઈએમાં ઉદ્યોગકારો દ્વારા ઊર્જામંત્રી અને સરકારનો આભાર વ્યક્ત કરવા માટે વીઆઈએ પ્રમુખ સતિષભાઈ પટેલની અધ્યક્ષતામાં અને વીઆઈએના કલ્પેશ વોરા, મગન સાવલીયા વગેરેની ઉપસ્થિતિમાં એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લઘુ ઉદ્યોગ ભારતીના વાપી એકમના પ્રમુખ મેહુલ પટેલ ઉપરાંત વીઆઈએના માજી પ્રમુખ કમલેશ પટેલ વિગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

ખાસ કરીને MSME એકમો નાની જગ્યામાં અથવા શેડ પર કાર્યરત હોય છે જ્યાં તેમની પાસે અત્યાર સુધી LT કનેક્શન માટે ૧૦૦ કિલોવોટ વીજળીથી વધારે કનેક્શન મળતા ન હતાં. તેના કારણે MSME ઉદ્યોગોને પોતાના એકમોમાં વધારાનું પ્રોડક્શન અને એક્ષપાન્સન માટે વધુ વીજળીના લોડની જરૂર પડતી અને MSME ઉદ્યોગોની વર્ષોથી માંગ હતી કે આ માટે LT ધારકોએ ૧૦૦ કિલોવોટ થી વધારે HT કનેક્શનમાં જવું પડતું અને તેમને નવું ટ્રાન્સફોર્મર લેવું અને તે માટે જગ્યા ફાળવવી જેવું આર્થિક ભારણ આવતું. હવે જયારે LT કનેક્શનમાં ૧૦૦ કિલોવોટ થી ૧૫૦ કિલોવોટ સુધીનો વધારો કરવા માટેનું જે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે એ MSME ઉદ્યોગોના વિકાસ માટે એક દૂરદર્શી પગલું સાબિત થશે.

MSME ઉદ્યોગોની વર્ષોથી માંગ હતી તેને પૂર્ણ કરવા માટેનું જાહેરનામું ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ બહાર પાડવામાં આવ્યું છે. અનેક ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનોની આ માંગને પૂર્ણ કરવા બદલ આજે વાપીમાં વીઆઈએમાં એમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## વલસાડ જિલ્લામાં એક માસમાં ૧૬૭૭ વાહનચાલકાને રૂ.૫૮.૨૮ લાખનો દંડ

**(દમણગંગા ટાઈમ્સ)**
**વલસાડ,તા.૦૯:** વલસાડ જિલ્લામાં વલસાડ આર.ટી.ઓ. કચેરી દ્વારા તા.૨૬ જુલાઈ, ૨૦૨૪ થી તા.૨૪ ઓગસ્ટ ૨૦૨૪ સુધી એક મહિના માટે સ્પેશિયલ ચેકિંગ ડ્રાઈવ રાખવામાં આવી હતી. સ્પેશિયલ ચેકિંગ ડ્રાઈવ દરમિયાન ડમ્પર, ટ્રક, રિક્ષા, બાઈક તથા સ્કૂટર જેવા વાહનોને પૂરપાટ ઝડપે ચલાવવા, વાહનમાં ક્ષમતા કરતાં વધુ પેસેન્જરો બેસાડવા, રોંગ લેનમાં વાહનો હંકારતા ટ્રક ચાલકો, પરમીટ, વિમા અને ફીટનેશ વિનાના વાહનો, ઓવરસ્પિડિંગ, ગેરકાયદે પાર્કિંગ તેમજ મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકો વિરુદ્ધ કાર્યવાહી અંતર્ગત કુલ ૧૬૭૭ વાહનોને રૂ.૫૮,૨૮,૩૩૧/- નો દંડ ફટકારવામાં આવ્યો હતો. જેમાં પરમીટ વિનાના ૯૧ વાહનોને રૂ.૧,૦૧,૮૦૦/-, વીમા વિનાના ૨૭૪ વાહનોને રૂ.૫,૪૮,૦૦૦/-, વાહન ક્ષમતા કરતા વધુ પેસેન્જરો લઈ જતા ૫૫ વાહનોને રૂ.૯૪,૫૦૦/-, ઓવરસ્પિડિંગ માટે ૨૬૦ વાહનોને રૂ.૫,૯૮,૫૦૦/-, નો-પાર્કિંગમાં પાર્ક ૧૮ વાહનોને રૂ.૨૧,૫૦૦/- અને રોંગ લેનમાં હંકારતા ૪૨ વાહનોને રૂ.૧,૬૮,૭૦૦/- નો દંડ ફટકારવામાં આવ્યો હતો.

## દાનહમાં ડેન્ગ્યુ રોકવા માટે અભિયાન ચાલાવાઈ રહ્યું છે





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૯ :** દાનહમાં અભિયાન અંતર્ગત રાજ્યમાં એક મહિનામાં ૨૫ હજાર મચ્છર ઉત્પત્તિ સ્થળોનો નાશ કરવામાં આવ્યો હતો. ડેન્ગ્યુ તાવના નિવારણ અને નિયંત્રણ માટે પ્રદેશમાં એક મહત્વપૂર્ણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ, જિલ્લા પંચાયતના કર્મચારીઓ અને સેલવાસ નગર પાલિકાના કર્મચારીઓએ ભાગ લીધો હતો. કર્મચારીઓ તમામ ઘરોમાં જઈને મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરી રહ્યા છે. આ અભિયાન અંતર્ગત ઓગસ્ટ મહિનામાં ૧ લાખ ૭૦ હજારથી વધુ મકાનો અને ૧૧૦૦થી વધુ ઔદ્યોગિક એકમો અને ૬૦૦ બાંધકામ સાઈટ અને ૭૦૦ ભંગારની દુકાનોનો સર્વે કરવામાં આવ્યો હતો, જેમાં ૨૫ હજારથી વધુ મચ્છર ઉત્પત્તિના સ્થળોનો નાશ કરવામાં આવ્યો હતો અને ૧૨૦૦ લોકોને નોટિસ પણ આપવામાં આવી હતી. અને ૨૪ લોકો પર દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. આ અભિયાન અંતર્ગત આજે પ્રદેશના ગામડાઓ, સોસાયટીઓ, ચાલ, શાળાઓ, ઔદ્યોગિક એકમો, પેટા ઈમારતો, સંગમ સ્થળો અને આરોગ્ય સંસ્થાઓમાં ફ્રાઈડે ડ્રાય ડેબદ્વારા ભરાયેલ પાણી દૂર કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશમાં આરોગ્ય કર્મચારીઓ, મહાનગરપાલિકા, જિલ્લા સાથે મચ્છર ઉત્પત્તિ સ્થળોનો નાશ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પંચાયતના લોકો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, શાળાના બાળકો, ઔદ્યોગિક એકમોમાં કામ કરતા કામદારો અને લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જેમાં આરોગ્ય વિભાગના અધિકારીઓએ લોકોને ડેન્ગ્યુથી બચવા અંગે માહિતી આપી હતી અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓએ લોકોને તેમના ઘરોમાં સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો. આ સંદર્ભમાં વધુ માહિતી આપતાં આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે પ્રદેશમાં વરસાદી સિઝન દરમિયાન વાયરલ તાવના કેસો વધી રહ્યા છે. પરંતુ પ્રદેશમાં હાથ ધરાયેલા ડેન્ગ્યુ નિયંત્રણ અભિયાનને કારણે ડેન્ગ્યુના કેસમાં ઘટાડો થયો છે. દર્દીઓની સંખ્યા ઘટી રહી છે. પરંતુ હજુ પણ વાયરલ ફીવરના દર્દીઓ આવી રહ્યા છે. તેથી પ્રદેશના લોકોએ તાવની અવગણના ન કરવી જોઈએ અને યોગ્ય તપાસ અને સારવાર માટે શક્ય તેટલી વહેલી તકે હોસ્પિટલમાં આવવું જોઈએ. ડેન્ગ્યુથી બચવા માટે મચ્છરોના બ્રીડિંગ સ્થળોનો નાશ કરવો જરૂરી છે. આને રોકવા માટે આરોગ્ય વિભાગ, જિલ્લા પંચાયત અને મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ રાજયના તમામ ઘરોમાં જઈને મચ્છરોની તપાસ કરશે.

## ડાંગના ૧૫ વિદ્યાર્થીઓની રાજ્ય કક્ષાના રુરલ આઈ. ટી. ક્વીઝ માટે પસંદગી થઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૦૯ :** દરવર્ષ મુજબ ટાટા કન્સલ્ટીંગ સર્વિસેસ દ્વાર આઈ. ટી., બી. ટી. તથા ડીપાર્ટમેન્ટ ઓફ કર્નાટક ગવર્મેંટના સહયોગ થી માહિતી અને તંત્રજ્ઞાન વિષય આધારીત ડાંગ જીલ્લા કક્ષાની નેશનલ રુરલ આઈ. ટી. ક્વીઝ ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગર પ્રેરીત પ્રયોશા જીલ્લા લોક વિજ્ઞાન કેંદ્ર, આહવા ખાતે યોજાઈ. ક્વીઝ માં ડાંગ જીલ્લાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. ક્વીઝની શરૂવાત માં સહભાગી વિદ્યાર્થીઓને કોઓર્ડીનેટર રતિલાલ સુર્યવંશી દ્વારા ક્વીઝ વિશે સમજ આપવામાં આવી હતી. રુરલ આઇ. ટી ક્વીઝ મોનિટર ઘેલાભાઇ કે. પટેલ દ્વારા ક્વીઝનું સ્વરુપ તથા નિયમોની જાણકારી સહભાગીઓને આપવામાં આવી હતી.

ઉપરોક્ત ક્વીઝમાં ડાંગ જીલ્લામાં થી રાજ્ય કક્ષાની ક્વીઝ માટે ૧૫ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે, જે હવે આગામી દિવસોમાં રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા ગાંધીનગર ખાતે જશે.

સમગ્ર સ્પર્ધાનું સંચાલન સાયંસ કોમ્યુનિકેટર સંજયભાઇ બાગુલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત

## પારનેરામાં યોગ ટ્રેનર તાલીમ શિબિર પ્રેક્ટિકલ પરીક્ષા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ,તા.૯:** વલસાડ તાલુકાનામાં પારનેરા ગામ આવેલ પારનેરા સાર્વજનિક માધ્યમિક શાળામાં પ્રેક્તિકલ પરીક્ષાનું આયોજન થયું, જેમાં વલસાડ જિલ્લાના તાલીમ પામેલ અને ઓનલાઈન પરીક્ષા ઉતીર્ણ કરી હોય એવા યોગ ટ્રેનરની પ્રેક્તિકલ પરીક્ષા યોજાઈ હતી.

પ્રેક્ટિકલ પરીક્ષાનું આયોજન સિનિયર યોગ કોચ દક્ષાબેન રાઠોડ દ્વારા કરવામાં આવ્યું, જિલ્લા કોઓર્ડીનેટર નિલેશ કોસીયાની ઉપસ્થિતિમાં આયોજિત પ્રેક્ટિકલ



પરીક્ષામાં યોગ કોચ માયાબેન ઘોડધે, શિવમભાઈ ગુપ્તા, પ્રીતિબેન વૈષ્ણવ, યોગ ટ્રેનર આનંદભાઈ પટેલ વગેરે એ સેવા આપી હતી. અંતે તમામ પરિક્ષાર્થીઓએ યોગ ટ્રેનર તાલીમ માટે નિલેશ કોસીયા, દક્ષાબેન રાઠોડનો તેમજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વાપીના યોગકોચ જિલ્લા યોગ કો-ઓર્ડીનેટર નિમાયા

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા.૦૯:** સાઉથ ઝોન કોઓર્ડીનેટર પ્રીતિબેન પાંડે ફરી એકવાર ઝોન કોર્ડીનેટર તરીકે નિયુક્તિ પામ્યા છે સરકારના ધારા ધોરણ મુજબ નક્કી કરવામાં આવેલી એજન્સી એ.બી. એન્ટરપ્રાઇઝ, મહેસાણા દ્વારા પ્રેક્ટીકલ અને થીયરીની પરીક્ષા લેવામાં આવી હતી. તેમાં પ્રીતિબેન પાંડે કે જેઓ યોગક્ષેત્રમાં ૨૦ વર્ષથી વધુ સમયથી સેવા આપી રહ્યા છે અને યોગમાં ઉચ્ચ લાયકાત ધરાવે છે. તેઓ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચાર જિલ્લા વલસાડ, નવસારી, ડાંગ અને તાપીની જવાબદારી સંભાળતા હતા. હવે જવાબદારીમાં વધુ બે જિલ્લાઓ નર્મદા અને સુરત જિલ્લાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વલસાડ જિલ્લાના ખૂબ જ ઉર્જાવાન અને ઉચ્ચ શિક્ષિત એવા પ્રીતિબેન વૈષ્ણવની નિમણૂક જિલ્લા યોગ કો-ઓર્ડીનેટર તરીકે થઈ છે. તેથી હવે પ્રીતિબેન પાંડેની છ જિલ્લાઓને યોગમય બનાવવાની જવાબદારી રહેશે.

તા.૬ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા એમ્પીરીયન હોટેલ, ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં તેઓને નિમણૂંક પત્ર આપવામાં આવ્યા હતા. સંપૂર્ણ યોગ પરિવાર દ્વારા ઝોન કો-ઓર્ડીનેટર અને જિલ્લા કો-ઓર્ડીનેટર ને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.




## એનએસઈ બુલની લાક્ષણિક પ્રતિમા અને કોફી ટેબલ બૂકનું ઉદ્ઘાટન

**સુરત, તા. ૦૯ :** મહારાષ્ટ્રના મહામહીમ રાજ્યપાલ સી પી રાધાક્રિષ્નને એનએસઇ મુખ્યાલય ખાતે આજે એનએસઇ બુલની લાક્ષણિક પ્રતિમાનું અને યાદગીરીરૂપ કોફી ટેબલ બૂક ધ જર્ની ઓફ એમ્પાવરિંગ ૧.૪ બિલિયન ડ્રીમ્સનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે એનએસઇના એમડી અને સીઇઓ શ્રી આશિષકુમાર ચૌહાણ પણ ઉપસ્થિત હતા. એનએસઇ બુલની પ્રતિમા ભારતીય અર્થતંત્રની મજબૂતાઈ, ઊર્જા અને પ્રતિકાર-ક્ષમતા જેવી લાક્ષણિકતાનું સૂચક છે. બુલના મજબૂત પગ, ઉપસેલી ખૂંધ અને મહાકાય કદરાષ્ટ્રની સુદઢ નાણાંકીય વ્યવસ્થાના પ્રતીક છે. તેની આસપાસ વિવિધ પશ્ચાદભૂમિકામાંથી આવતા, શાળાનો વિદ્યાર્થી, ગામડાંની મહિલા અને વ્યાવસાયિકો જેવા, ભારતના લોકોનું પ્રતિનિધિત્વ કરતું આ બુલ ભારતમાં રોકાણના પરિદ્રષ્યની સર્વસમાવેશિતા અને એકતાનું મહત્ત્વ દર્શાવે છે. આ લાક્ષણિક કૃતિ રાષ્ટ્રના આર્થિક વિકાસ તરફના સમાન લક્ષ્ય માટે સહિયારા પ્રયાસને પ્રતિબિંબિત કરે છે.

એનએસઇના એમડી અને સીઇઓ આશિષકુમાર ચૌહાણે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રના માનનીય રાજ્યપાલ સી.પી. રાધાક્રિષ્નનના હાથે આજે એનએસઇ બુલના ઉદ્ઘાટન અને કોફી ટેબલ બૂકના અનાવરણ બદલ અમે ગર્વ અનુભવીએ છીએ. એનએસઇ બુલ એ સમાજ અને બજાર વચ્ચે પરસ્પર પોષક અને નીતિમત્તાવાળો સબંધ દર્શાવે છે. એનએસઇ મુખ્યાલય, જે એક બજાર છે ત્યાં, બૂલ એ શેરબજારોનું પ્રતીક છે, જયારે સામાન્ય જનતા સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. એનએસઇની બુલની પ્રતિમા અને કોફી ટેબલ બૂક એ ભારતીય શેરબજારોની યાત્રાના પ્રતીકાત્મક ચીમાચિહ્ન તરીકે છે. ભારત એ વિશ્વનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર છે અને તેના શેરબજારનું કદ વિશ્વમાં ચોથું સૌથી મોટું છે. એનએસઇ ઓર્ડર્સ અને સોદાની સંખ્યાની કામગીરીની દ્રષ્ટિએ વિશ્વનું સૌથી મોટું શેરબજાર બની ગયું છે.

## શ્રી ખેંગાર રાજપૂત સેવા ટ્રસ્ટ-માંડવીની વાર્ષિક સાધારણ સભા મળી



**માંડવી, તા. ૯ :** સુરત જિલ્લાના માંડવી સ્થિત શ્રી ખેંગાર રાજપૂત સેવા ટ્રસ્ટની વાર્ષિક સાધારણ સભા યોજાઈ ગઈ. જેમા સને ૨૦૨૩/૨૪ ના નાણાકીય વર્ષના વાર્ષિક હિસાબ કિતાબ સહિત, નવા વર્ષ ૨૦૨૪/૨૫ ના કાર્ય આયોજનની ચર્ચા વિચારણા હાથ ધરવામા આવી હતી.

માંડવીના ખેંગાર ફળીયા ખાતે આયોજિત આ બેઠકમા સભ્ય નોંધણી ઝુંબેશને અસરકારક અને ફળદાયી બનાવવા સાથે, આગામી કાર્યક્રમો માટે જુદી જુદી સમિતિઓની રચના કરી, તેમને કાર્યભાર સોંપી, સુચારૂ આયોજન ઘડી કાઢવાની હિમાયત કરવામા આવી હતી.

ટ્રસ્ટી ગણ સહિત કારોબારી સભ્યો અને સમાજના અગ્રણીઓ, ભૂતપૂર્વ અને વર્તમાન હોદ્દેદારોએ, સમાજના સર્વાંગીણ વિકાસ સાથે જરૂરિયાતમંદ સમાજ બંધુઓને ખાસ કરીને શૈક્ષણિક કારકિર્દી વિષયક માર્ગદર્શન મળી રહે તેવી તકો ઉપલબ્ધ કરાવવા બાબતે ચિંતન મનન કર્યું હતું.

સમાજના દિવંગત વડીલો, સભ્યો, અને સમાજ બંધુઓને બે મિનિટનુ મૌન પાળી, શ્રદ્ધાંજલિ આપવા સાથે શરૂ કરાયેલી આ બેઠકમા ભાવી કાર્યક્રમો, અને આયોજનોની તબક્કાવાર અમલીકરણ અંગે પણ ચર્ચાવિચારણા કરવામા આવી હતી.

## દમણ રેડિયો

आकाशवाणी

**102.3 FM**

### મંગળવાર

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરિત માણસગાન ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - વણ માધુરી (દમણથી), ૯.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૧૦.૩૦ અમદાવાદ વડોદરાથી પ્રસારિત કાર્યક્રમો, ૦૧. ૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. (સાજે પાંચ.૩૦ વાગ્યા સુધી)
**સાંજે :** (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - NCERT - ઉમંગ, ૬-૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭-૨૦ કિસાન વાણી (દમણથી), ૭.૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા (દિલ્હીથી, ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૧૧.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ - સભા સમાપન

## ભગવાન ગણેશને લગતી પૌરાણિક કથાઓ

ભગવાન શ્રી ગણેશની કથાઓનું વર્ણન અનેક ગ્રંથોમાં કરવામાં આવ્યું છે.ગણેશજીએ ભગવાન શ્રી કૃષ્ણના મનોરંજન જેવા જ ઘણા વિનોદ કર્યા છે. આ લીલાઓનું વર્ણન મુદ્ગલપુરાણ, ગણેશપુરાણ, શિવ- પુરાણ અને બ્રહ્મવૈવર્ત પુરાણમાં જોવા મળે છે.આજે આપણે ભગવાન શ્રી ગણેશ સાથે જોડાયેલી કેટલીક રસપ્રદ વાતો વિશે જાણીશું.


એકવાર ગણપતિ મુનિ પરાશર ઋષિના આશ્રમમાં પોતાના પુત્રો સાથે રમી રહ્યા હતા એટલામાં જ કેટલીક નાગકન્યાઓ ત્યાં આવી.નાગકન્યાઓ ગણેશને તેમના નાગલોકમાં લઈ જવાની જીદ કરવા લાગી. ગણપતિ તેમની વિનંતીને નકારી શક્યા નહીં અને તેમની સાથે નાગલોકમાં ગયા.

નાગ લોક પહોંચતા જ નાગકન્યાઓએ તેમનું દરેક રીતે સ્વાગત કર્યું. રાજા વાસુકીએ ગણેશને જોયા અને ઉપહાસના સ્વરમાં ગણેશ સાથે વાત કરવા તથા તેમના સ્વરૂપનું વર્ણન કરવા લાગ્યા.ગણેશ ગુસ્સે થયા.તેમણે વાસુકીની સૂંઢ ઉપર પગ મૂક્યો. વાસુકીની આવી દુર્દશાના સમાચાર સાંભળીને તેમના મોટા ભાઈ શેષનાગ આવ્યા, તેમણે ગર્જના કરી કે કોને મારા ભાઈ સાથે આવો વ્યવહાર કર્યો હતો? જ્યારે ગણેશજી તેમની સામે પ્રગટ થયા ત્યારે શેષનાગે તેમને ઓળખ્યા અને તેમનું અભિવાદન કર્યું અને તેમને નાગલોકના રાજા જાહેર કર્યા.

ગણપતિ પાસે હથિયારો ક્યાંથી આવ્યા? એકવાર શિવ કૈલાસ છોડીને જંગલમાં રહેવા લાગ્યા. એક દિવસ વિશ્વકર્મા ભગવાન શિવને મળવા આવ્યા,તે સમયે ગણેશજી માત્ર છ વર્ષના હતા. ગણેશજીએ વિશ્વકર્માને પૂછ્યું કે તમે મને મળવા આવ્યા છો તો મારા માટે કંઈ ભેટ લઈને આવ્યા છો? ત્યારે વિશ્વકર્માએ કહ્યું કે પ્રભુ ! હું તમારા માટે શું ભેટ લાવી શકું? તમે પોતે સચ્ચિદાનંદ છો. વિશ્વકર્માએ ગણપતિની પૂજા કરી અને પોતાના હાથે બનાવેલી કેટલીક વસ્તુઓ ભેટ તરીકે મૂકી. આ વસ્તુઓમાં તીક્ષ્ણ ગોડ, ફાંસો અને પદ્મ હતા. આ શસ્ત્ર મેળવીને ગણપતિ ખૂબ જ પ્રસન્ન થયા.છ વર્ષના ગણેશે પોતાના મિત્રો સાથે રમતાં રમતાં આ શસ્ત્રોથી સાપ્રથમ વૃકાસુર રાક્ષસનો વધ કર્યો હતો.

ગણપતિએ ગૌતમ ઋષિના રસોડામાંથી ભોજન ચોરી લીધું હતું. એકવાર બાળ ગણેશ તેમના મિત્રો અને મુનિના પુત્રો સાથે રમતા હતા. રમતાં રમતાં તેમને ભૂખ લાગી. નજીકમાં જ ગૌતમ ઋષિનો આશ્રમ હતો. ઋષિ ગૌતમ ધ્યાનમાં હતા અને તેમની પત્ની માતા અહલ્યા રસોડામાં ભોજન બનાવી રહ્યાં હતાં. ગણેશજી આશ્રમમાં ગયા અને જયારે માતા અહિલ્યા આઘા-પાછાં થયાં ત્યારે તેમણે રસોડામાંથી બધો ખોરાક ચોરી લીધો અને તેના મિત્રો સાથે ખાવા લાગ્યા, પછી માતા અહલ્યાએ ગૌતમ ઋષિનું ધ્યાન વિચલિત કર્યું અને તેમને કહ્યું કે રસોડામાંથી ખોરાક ગાયબ થઈ ગયો છે.

ગૌતમ ઋષિ જંગલમાં ગયા અને જોયું કે ગણેશ તેમના મિત્રો સાથે ભોજન કરી રહ્યા હતા. ગૌતમ ઋષિ તેમને પકડીને માતા પાર્વતી પાસે લઈ જાય છે. જ્યારે માતા પાર્વતીજીને ચોરીની જાણ થઈ ત્યારે તેમણે ગણેશને



એક ઝૂંપડીમાં લઈ જઈ બાંધી દીધા. પાર્વતીજી જ્યારે તેમને બાંધીને ઝૂંપડીમાંથી બહાર આવ્યાં ત્યારે તેમને લાગ્યું કે ગણેશ તેના ખોળામાં છે પરંતુ જ્યારે તેમણે જોયું તો તેમણે ગણેશને ઝૂંપડીમાં બાંધેલા જોયા.માતાજી કામમાં વ્યસ્ત થઈ ગયાં. થોડા સમય પછી તેમને ફરીથી એવું લાગવા લાગ્યું કે જાણે ગણેશ શિવગણ સાથે રમતા હતા.

જયારે તેઓ ઝૂંપડીમાં ગયાં તો તેમણે ગણેશને ત્યાં બાંધેલા જોયા.હવે માતાજીને બધે જ ગણેશના દર્શન થવા લાગ્યા. ક્યારેક રમતા,ક્યારેક ખાતા અને ક્યારેક રડતા જોયા. માતાને ચિંતા થઈ અને પછી ઝૂંપડીની અંદર જોયું તો ગણેશ સામાન્ય બાળકની જેમ રડી રહ્યા હતા. ગણેશજી પોતાને દોરડામાંથી મુક્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.માતાને તેમના પ્રત્યે વધુ પ્રેમ થયો અને તેમણે દયા આવવાથી મુક્ત કર્યા.

**પ્રાસંગિક**

ગણપતિએ બધા દેવતાઓને યજ્ઞમાં આમંત્રિત કર્યા. એકવાર ભગવાન શિવના મનમાં મોટો યજ્ઞ કરવાનો વિચાર આવ્યો. વિચાર આવતાં જ તેમણે યજ્ઞ શરૂ કરવાની તૈયારી શરૂ કરી. યજ્ઞ વિધિ માટે તમામ ગણોને અલગ અલગ જવાબદારીઓ સોંપવામાં આવી હતી. સૌથી મોટું કામ બધા દેવતાઓને યજ્ઞમાં આમંત્રિત કરવાનું હતું. આમંત્રણ મોકલવા માટે લાયક વ્યક્તિની પસંદગી કરવાની હતી કે જે સમયસર તમામ વિશ્વમાં જઈ શકે અને ત્યાંના દેવતાઓને આદરપૂર્વક આમંત્રણ આપી શકે.આવી સ્થિતિમાં એવી વ્યક્તિની પસંદગી કરવાની હતી જે ઝડપથી જઈને આ કાર્ય કરી શકે પરંતુ ભગવાન શિવને ડર હતો કે આમંત્રણ આપવાની ઉતાવળમાં દેવતાઓનું અપમાન ના થાય તેથી તેમણે આ કાર્ય માટે ગણેશજીને પસંદ કર્યા. ગણેશ બુદ્ધિ અને વિવેકના દેવતા છે. ઉતાવળમાં પણ તેઓ કોઈ ભૂલ ન કરે તે વિચારીને શિવે ગણપતિને બોલાવ્યા અને તેમને તમામ દેવી-દેવતાઓને આમંત્રણ આપવાનું કામ સોંપ્યું. ગણેશજીએ આ કાર્ય પ્રસન્નતાથી સ્વીકાર્યું પરંતુ તેમની સાથે સમસ્યા એ હતી કે તેમનું વાહન ઉંદર હતું જે ઝડપથી આગળ વધી શકતું ન હતું. ગણેશજીએ લાંબા સમય સુધી વિચાર્યું કે કેવી રીતે સમગ્ર વિશ્વમાં જવું અને બધા દેવતાઓને યજ્ઞમાં ભાગ લેવા માટે આદરપૂર્વક આમંત્રણ આપવું. ખૂબ વિચાર કર્યા પછી તેમણે બધી આમંત્રણ પત્રિકાઓ ઉપાડી અને પૂજા સામગ્રી લીધી અને ધ્યાનમાં બેઠેલા શિવની સામે બેસી ગયા.

ગણેશજીએ વિચાર્યું કે બધા દેવતાઓનો ભગવાન શિવમાં વાસ છે.જો તમે તેને પ્રસન્ન કરશો તો બધા દેવતાઓ પ્રસન્ન થશે. આ વિચારીને ગણેશજીએ શિવની આરાધના કરી અને બધા દેવતાઓને આહ્વાન કર્યા પછી તેમણે બધા આમંત્રણ કાર્ડ શિવને જ અર્પણ કર્યા. તમામ નિમંત્રણો આપોઆપ દેવતાઓ સુધી પહોંચી ગયા અને દરેક નિયત સમયે યજ્ઞમાં પહોંચી ગયા.આ રીતે ગણેશે પોતાની બુદ્ધિથી મુશ્કેલ કાર્યને સરળ બનાવી દીધું.

ભગવાન ગણેશ કેવી રીતે એક દાંતવાળા બન્યા? બ્રહ્મવૈવર્ત પુરાણ અનુસાર ભગવાન વિષ્ણુના અવતાર ભગવાન પરશુરામ શિવના શિષ્ય હતા. તેમણે જે કુહાડી વડે સત્તારવાર પૃથ્વી પરથી ક્ષત્રિયોનો નાશ કર્યો હતો તે કુહાડી ભગવાન શિવે તેમને આપી હતી. સત્તરવાર ક્ષત્રિયોને હરાવ્યા પછી પરશુરામ શિવ અને પાર્વતીના દર્શન કરવા કૈલાસ પર્વત પર આવે છે,તે સમયે ભગવાન શિવ સુતા હતા અને ગણેશ પોતે રક્ષા કરતા હતા. ગણેશજીએ પરશુરામને રોક્યા. પરશુરામ ખૂબ જ ઝડપથી ગુસ્સે થઈ જતા હતા. જયારે તેમને અટકાવવામાં આવ્યો તો તેમણે ગણેશ સાથે ઝઘડો શરૂ કર્યો. ઝઘડો એટલો વધી ગયો કે પરશુરામે ગણેશને ધક્કો મારી દીધો. નીચે પડતાંની સાથે જ ગણેશ ગુસ્સે થઈ જાય છે. પરશુરામ બ્રાહ્મણ હતા તેથી ગણેશ તેમના ઉપર હુમલો કરવા માંગતા ન હતા. તેમણે પરશુરામને તેમની સૂંઢ વડે પકડી લીધા અને તેને ચારેય દિશામાં ગોળ-ગોળ ઘુમાવ્યા,ફરતા ફરતા ગણેશજીએ પરશુરામને પણ તેમના વિષ્ણુ સ્વરૂપના દર્શન કરાવ્યા. થોડીવાર આજુબાજુ ફર્યા પછી ગણેશ તેમને છોડીને ચાલ્યા ગયા. મુક્ત થયા પછી પરશુરામ થોડો સમય શાંત રહ્યા પછી જ્યારે પરશુરામને પોતાના અપમાનનો અહેસાસ થયો ત્યારે તેમણે ગણેશ પર કુહાડીથી હુમલો કર્યો. કુહાડી શિવ દ્વારા આપવામાં આવી હતી તેથી ગણેશ તેના હુમલાને નિષ્ફળ જવા દેવા માંગતા ન હતા,આ વિચારીને તેમણે તેનો વાર એક દાંત પર લઇ લીધો. કુહાડીનો પ્રહાર થતાં જ દાંત તૂટી ગયો અને બહાર પડી ગયો. દરમિયાન અવાજ સાંભળીને ભગવાન શિવ પણ પથારીમાંથી બહાર આવ્યા અને બંનેને શાંત કર્યા. ત્યારથી ગણેશ પાસે માત્ર એક જ દાંત બચ્યો અને તે એકદંત તરીકે ઓળખાવા લાગ્યા.

**આલેખન: વિનોદભાઈ માછી નિરંકારી**




## આજનું પંચાગ

**તા.** ૧૦-૦૯-૨૦૨૪, **વાર:** મંગળવાર, **તિથિ:** સાતમ **વિક્રમ સંવત:** ૨૦૮૦
**સૂર્ય ઉદય:** ૦૬:૦૩ **સૂર્ય અસ્ત :** ૧૮:૩૧ **ચંદ્રરાશિ:** વૃશ્ચિક

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજના દિવસે તમારો મિજાજ ફૂલફટાક હોવા છતાં આજે જે તમારી સાથે હાજર નથી રહી શક્યું તેની ખાય તમને સાલશે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે.

**કર્ક(ડ.હ) :** આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારૂ અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂ જીવન મુશ્કેલ બનાવી દેશે.

**સિંહ(મ.ટ.) :** આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે?

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો.

**તુલા (ર.ત.) :** આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ.

**વૃશ્ચિક(ન.ય.) :** આજના દિવસે તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજના દિવસે તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે.

**મકર(જ.ખ) :** આજના દિવસે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોહાણ, અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે.

# ચલામાં ફેડરેશન ઓફ સીનીયર સીટીઝન દ્વારા મેઘધનુષી ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી,તા.૦૯:** વાપી ચલા ખાતે પ્રવૃત એવી ફેડરેશન ઓફ સીનીયર સીટીઝન ચલાના સભ્યો તેમની સાપ્તાહિક મીટીંગમાં ભેગા મળી, અનેકવિધ પ્રવૃત્તિઓ કરી આનંદ માણતાં હોય છે. તાજેતરમાં જ એમની મીટીંગને ભેગા મળી, સપ્તરંગી રંગોથી માણી હતી. સીનીયર સભ્ય દિનેશભાઈ ત્રીવેદી દ્વારા સૌ પ્રથમ તો વયસ્કોને હાડકાં માટે લેવી પડતી કાળજી બાબતે ખૂબ મહત્વની જાણકારી પુરી પાડવામાં આવી હતી. તો કિરીટ શાહે તાજેતરમાં જ ઉજવાયેલા પંદરમી ઓગષ્ટ, પતેતી, રક્ષાબંધન, વિશ્વ ગુજરાતી દિવસ, મેઘાણી જયંતિ, જન્માષ્ટમી જેવા તહેવારો બાબતે પોતાના વિચારો વિશિષ્ટ રીતે એમની આગવી શૈલીમાં અભિવ્યક્ત કરી મીટીંગમાં હાજર એવા પારસી સભ્ય માણેક શાહીયારને પતેતીના સંદર્ભમાં સન્માનિત કરી, શુભેચ્છાઓ પાઠવી હતી. તો નયનબહેન તથા નલીનભાઈ શાહ દંપત્તિને તેમના જન્મદિવસે મંડળના પ્રમુખ ઉષાબહેન શાહ દ્વારા શ્રીફળ આપી સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી, તેમજ મધુબહેન શાહ દ્વારા રક્ષાબંધનના ઉલ્લેખ થતાં તે નિમિત્તે બધા ભાઈઓને રાખડી બાંધવા ઉપસ્થિત સૌ બહેનોએ તમામને રાખડી બાંધી શુભભાવના વ્યક્ત કરી હતી અને નિમંત્રિત એવા દિવ્યાબહેને જન્માષ્ટમીની ઉજવણીના ભાગ રુપે કૃષ્ણ વિષે સરસ ઉદબોધન કરી કૃષ્ણ ગીત પણ સુમધૂર રીતે રજુ કર્યું હતું. સાથે જ મંડળના સભ્ય નવિનભાઈ શ્રોફને ત્યાં એમના પૌત્રનો જન્મ જન્માષ્ટમીના દિવસે જ થતાં એમને પણ શુભેચ્છાઓ પાઠવી હતી. તો મંડળના સભ્ય સુરેશભાઈ ન્યૂઝીલેન્ડની મુલાકાતે જનાર હોઈ તેમને સુખદ યાત્રા માટે શુભેચ્છાઓ પાઠવી હતી તથા વિદેશ પ્રવાસ જનાર દિલીપભાઈને પણ યાદ કર્યા હતા. આમ સમગ્ર મીટીંગને સહુએ જુદા જુદા તહેવારો સાથે સાંકળી એક મેઘધનુષી માહોલ માણ્યો હતો. અંતે પર્યુષણ પર્વની શુભકામનાઓ સાથે અલ્પાહાર લઈ આનંદ સાથે મીટીંગની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

# દમણમાં HAM પાર્ટીના કાર્યાલયનું ઉદ્ઘાટન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ,તા.૦૯:** દમણના વરકુંડમાં હમ પાર્ટીનું કાર્યાલય શરૂ કરવામાં આવ્યું હતું. હિન્દુસ્તાની અવમ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.સંતોષકુમાર સુમને કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમની સાથે પ્રદેશ અધ્યક્ષ રણવીર સિંહ અને અન્ય સભ્યો હાજર હતા. બિહારના મંત્રી અને HAM પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સંતોષ કુમારે જણાવ્યું કે બિહારના લોકો આ રાજ્યમાં રહે છે અને HAM પાર્ટીની વિચારધારાને આગળ વધારવા માટે બિહારની બહાર પણ ઓફિસ ખોલવામાં આવી રહી છે. પાર્ટી દ્વારા ગરીબોનો અવાજ બુલંદ કરો. આ પાર્ટીને 'હમ' નામ આપવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે તેમના પિતા જીતન રામ માઝી કેન્દ્ર સરકારમાં કેબિનેટ મંત્રી છે. દમણ અને દાનહના લઘુ, મધ્યમ અને સૂક્ષ્મ ઉદ્યોગોની નોંધણી કરીને તેમને ભારત સરકાર તરફથી વધુ લાભ મળશે. સ્થાનિક નગરપાલિકા અને પંચાયતોની ચૂંટણીઓ અંગે જણાવવામાં આવ્યું હતું કે પક્ષના અધિકારીઓ સાથે વાતચીત કરવામાં આવશે અને તે સમયે ચૂંટણીમાં શું સ્ટેન્ડ લેવું તે અંગેની સ્થિતિ જોવામાં આવશે.

# દમણના બિહારી ઉદ્યોગકારો મંત્રીને મળ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ,તા.૦૯:** બિહારના મંત્રી અને HAM પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ.સંતોષકુમાર સુમને દમણમાં બિહારના ઉદ્યોગપતિઓને મળ્યા હતા.

દમણ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ અને બિહારના નેતા સત્યેન્દ્ર કુમારના નેતૃત્વમાં ઘણા લોકો એકઠા થયા હતા. બિહારના આઈટી અને અનુસૂચિત જાતિ કલ્યાણ મંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. દમણ-દીવ અને દાનહના વિકાસ પરની ટૂંકી ફિલ્મ બતાવવામાં આવી હતી. કાર્યક્રમને સંબોધતા ડો.સંતોષ કુમારે જણાવ્યું હતું કે દમણની જેમ બિહારમાં પણ ઉદ્યોગને આગળ લાવવામાં આવશે. તાજેતરમાં, ગયા જિલ્લામાં નવા ઉદ્યોગોને માર્ગદર્શન અને સમર્થન આપવા માટે એક ઉદ્યોગ ક્ષેત્ર બનાવવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે અમને ખુશી છે કે બિહારના ઘણા લોકો દમણ અને દાનહ જેવા નાના સ્થળોએ રહે છે અને અહીં તેમના ઉદ્યોગો અને રોજગાર સ્થાપ્યા છે. ડીઆઈએના પ્રમુખ સતેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે દમણની વસ્તી ૩ લાખ છે અને અહીં પ્રવાસન, ઉદ્યોગ, આરોગ્ય અને અન્ય વિષયોમાં ઘણો વિકાસ થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પ્રશાસક પ્રફુલ પટેલના માર્ગદર્શન હેઠળ ઉદ્યોગને નવી દિશા મળી છે. આપણે આ નાના રાજ્યમાંથી શીખવું જોઈએ. રોજગાર અને ઉદ્યોગએ આપણા પ્રદેશ અને રાજ્યના વિકાસની મુખ્ય કડી છે. સત્યેન્દ્ર સિંહે કહ્યું કે હિન્દુસ્તાની અવમ મોરચા પાર્ટીના વરિષ્ઠ નેતા હાલમાં કેન્દ્રમાં મંત્રી છે અને તેઓ નાના-મોટા ઉદ્યોગોને આગળ લઈ જવા માટે ઘણી વસ્તુઓ કરી શકે છે. બિહાર સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓએ કાર્યક્રમમાં અનેક મુદ્દાઓ રજૂ કર્યા હતા.

# સેલવાસ લાયન્સ ઈંગ્લિશ સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સેલવાસ,તા.૦૯:** દાદરા નગર હવેલીની લાયન્સ ઈંગ્લિશ સ્કૂલમાં તારીખ ૦૬/૦૯/૨૦૨૪ ના રોજ શિક્ષક દિનની ઉજવણી ખૂબ જ ઉત્સાહભેર ઉજવવામાં આવી હતી.

આ પ્રસંગનો પ્રારંભ શાળાના ગીત બાદ મુખ્ય અતિથિ લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટના સભાપતિ ફતેહસિંહ ચૌહાણ, ઉપસભાપતિ અનંતરાવ ડી. નીકમજી અને ટ્રસ્ટીગણ દ્વારા જેમના સમ્માનમાં જન્મદિવસના દિવસે આ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે એવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ની છબીને ફૂલમાળા પહેરાવી દીપ પ્રજ્વલિત કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી હતી. ત્યારબાદ સૌ અતિથિઓનું પૂષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે મુખ્ય અતિથિ લાયન્સ ચેરીટેબલ ટ્રસ્ટના સભાપતિ મહોદય ફતેહસિંહજી ચૌહાણ, વિશેષ અતિથિ ઉપસભાપતિ મહોદય માનનીય અનંતરાવ ડી.નિકમ, સચિવ કુલદીપસિંહ મુન્દ્રા, કોષાધ્યક્ષ વિશ્વેશ દવે, સંયુક્ત સચિવ જયેન્દ્રસિંહ રાઠોડ, કાર્યકારિણીના સદસ્યો, શ્રીમતી દેવકીબા કોલેજ ઑફ કોમર્સ ઍન્ડ સાયન્સ કોલેજના પ્રભારી પ્રાચાર્યા ડૉ.સીમા પીલ્લાઈ, ઉપપ્રાચાર્યા ડૉ. જહાન્વી અરેકર, હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના શૈક્ષણિક પરિષદના અધ્યક્ષા ડૉ. નિશા પારેખ, પ્રભારી પ્રાચાર્યા ડૉ. શિલ્પા તિવારી, શાળાના પ્રભારી આચાર્યા શ્રીમતી નિરાલી પારેખ, પ્રાધ્યાપકગણ, અતિથિગણ, શિક્ષકગણ તથા વિદ્યાર્થીગણ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે કોલેજો તેમજ શાળાના શિક્ષકોને પૂર્ણ વર્ષની શૈક્ષણિક યોગ્યતા માટે કેશ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સભાપતિ ફતેહસિંહજી ચૌહાણે પણ તેમના સંબોધનમાં પોતાના કાર્યભારના ૧૫માં શિક્ષકદિન નિમિત્તે શિક્ષકદિનની ઉજવણી માટે શિક્ષકોને શુભકામના આપી. ત્યારબાદ 'શિક્ષક શક્તિ પ્રદાન કરે અને પ્રેમ ભક્તિ પ્રદાન કરે એવા પ્રેરણાત્મક સુવાક્યો કહી શિક્ષકોમાં નવી ઉર્જા ઉજાગર કરી હતી. છેલ્લે કમ્પ્યુટર વિભાગાધ્યાક્ષા રાખી પરમારે ઉપસ્થિત આભાર માની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## વર્લ્ડ ફિઝિયોથેરાપી ડે નિમિત્તે

# તિથલ બીચ પર મેરેથોન દોડમાં ૨૦૦થી વધુ લોકોએ ભાગ લીધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા.૦૯:** વલસાડ જિલ્લા ફિઝિયોથેરોપિસ્ટ દ્વારા વર્લ્ડ ફિઝિયોથેરાપી ડે નિમિત્તે તિથલ બીચ પર મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૦ થી વધુ મહિલા તબીબો બાળકો વૃદ્ધો સહિતના દોડવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વર્લ્ડ ફિઝિયોથેરાપી ડે નિમિત્તે વલસાડ જિલ્લા ફિઝિયોથેરાપી દ્વારા વલસાડના તિથલમાં આવેલા તિથલ બીચ પર આ મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હાફ મેરેથોન દોડમાં ત્રણ કિલોમીટર અને પાંચ કિલોમીટર એમ બે કેટેગરીનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેમાં ઉત્સાહભેર મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. આ મેરેથોન દોડને સફળ બનાવવા વલસાડ જિલ્લાના ફિઝિયોથેરોપિસ્ટ દિપેનભાઈ દ્વારા ખૂબ જ મહેનત કરવામાં આવી હતી. વર્લ્ડ ફિઝિયોથેરાપી બ્રાન્ચ વર્ષ ૧૯૫૧માં સ્થાપિત થઈ હતી અને વર્લ્ડ ફેડરેશન ફિઝિયોથેરાપી દ્વારા ૧૯૯૬માં ઘોષણા કરી હતી કે ૮ સપ્ટેમ્બરના રોજ ફિઝિયોથેરાપી ડે ઉજવાશે. જેથી વલસાડના તિથલ બીચ પર યોજાયેલી મેરેથોન દોડમાં ૨૦૦થી વધારે મહિલા ડોક્ટરો બાળકો વૃદ્ધોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# ખારવેલમાં શ્રેષ્ઠ શિક્ષકને મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૦૯:** બી. આર. ઈન્ટરનેશનલ સ્કૂલ ખારવેલ ખાતે શિક્ષક દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત મેનેજર પુખરાજ ધ્યાવાલા, આચાર્ય પ્રિતી ગવલી અને પ્રીપ્રાઈમરી સંકલનકર્તા શ્રીમતી ડિમ્પલ કાપડિયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરી શિક્ષક સન્માનનો કાર્યક્રમ શરૂ કરાયો હતો.

સિનિયર વિદ્યાર્થીઓએ શિક્ષકોનો માન અને આદર પ્રદર્શિત કરવા હસ્તકલા કાર્ડ્સ અને ભેટો આપી સન્માન કર્યું હતું. વિદ્યાર્થીઓએ કવિતા, મધુર ગીતો અને આકર્ષક નૃત્ય પ્રસ્તુતિઓ દ્વારા શિક્ષકો પ્રત્યેની તેમની પ્રેમભાવ અને આભાર વ્યક્ત કર્યો હતો.

શિક્ષણક્ષેત્રે તેમનું સમર્પણ, જુસ્સો, અવિરત પ્રયત્નો અને પ્રતિબદ્ધતાની માન્યતા રૂપે પ્રિયંકા પટેલ વૈશાલી દેસાઈ પ્રિયંકા, કામીની પટેલ તથા શાહીન શેખ સહિત શિક્ષકોને સન્માન પ્રમાણપત્રો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતાં.

# સેલવાસમાં વારલી સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સેલવાસ,તા.૦૯:** સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીમાં વારલી સમાજના પ્રમુખ શંકરભાઈ ગોરાતની અધ્યક્ષતામાં વારલી સમાજનાં વિદ્યાર્થીઓ મિતાલી સુનિલ ખરપડિયા, નિકિતા દિલિપ પાટકર, મિતેશ રાજેશ વાગરોડિયા, સ્નેપલ ખાંજોડિયા, લકી માગી અને સાહિલ સતિષ પાગી જેમણે NEET UG ૨૦૨૪ પરીક્ષામાં સારા માર્ક્સ મેળવી અને NAMO Medical Education and Research Institute, Silvassa ખાતે MBBS ડોક્ટરનાં અભ્યાસ માટે સીટ પર સિલેક્શન થયું હતુ એ પ્રસંગે વારલી સમાજ સંગઠનના આગેવાનોએ વિદ્યાર્થીઓ તથા તેમના માતા પિતા, કુટુંબ પરિવાર સાથે શુભેચ્છા મુલાકાત કરી સમાજને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે.

વારલી સમાજનાં આ યુવાઓ ખુબ આગળ વધે, પરિવાર સમાજ અને દાદરા નગર હવેલીનુ નામ રોશન કરે અને ડોક્ટર બની સેવા કરે એવી પ્રકૃતિને ચરણે પ્રાર્થના સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# પારડી કોલેજનું ગૌરવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી,તા.૦૯:** જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડીમાં એસ.વાય.બી.એ.માં અભ્યાસ કરતા રાઠોડ કરણ હરીશભાઈની પસંદગી ગુજરાતની જુનિયર હોકીની ટીમમાં થઈ છે. જેઓ તા -૦૯-૦૯-૨૦૨૪ થી ૧૯-૦૯-૨૦૨૪ દરમિયાન યોજાનારી ૧૪મી હૉકી ઈન્ડિયા જુનિયર નેશનલ ચેમ્પિયનશિપમાં જલંધર પંજાબ ખાતે ભાગ લેશે.

વર્ષ ૨૦૨૪-૨૫ પ્રથમ વખત નેશનલ રમવા માટે ગુજરાતની ટીમમાંથી તેઓ ઝારખંડ મુકામે ગયા હતા. ત્યારબાદ આ બીજી વાર તેઓ ગુજરાતની ટીમમાં પસંદગી પામી કોલેજનું તેમજ ધી પારડી એજ્યુકેશન સોસાયટીનું ગૌરવ વધાર્યું છે જેમની આ સિદ્ધિ બદલ સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ તેમજ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ગંગાબેન જી. પટેલ અને સમગ્ર સ્ટાફ પરિવારે શુભેચ્છા સાથે અભિનંદન પાઠવ્યા હતા. ખેલાડીને તૈયાર કરવામાં કોલેજના પ્રા. જીતેન્દ્રકુમાર એમ ટંડેલ ખૂબ જ મહેનત કરી હતી તેમજ સમગ્ર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

# વાપીમાં ગુરુ હરક્રિસન ફિઝિઓથેરાપી સેન્ટરનું ઉદ્ઘાટન





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી,તા.૦૯:** વાપી પંજાબી ચેરિટેબલ ફાઉન્ડેશન અને સુખમ ચેરિટેબલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટના સહયોગથી વાપીના ચણોદ ખાતે આવેલ ગુરુદ્વારામાં ગુરુ હરક્રિસન ફિઝિઓથેરાપી સેન્ટરને ખુલ્લુ મુકાયું હતું. જેનો મુખ્ય ઉદ્દેશ ખૂબ જ ઓછા દરે દર્દીઓને થેરાપી અને આરોગ્ય સેવાઓ પ્રદાન કરવાનો છે. અને અહીં આવેલ દરેક દર્દીઓને માત્ર ૭૦ રૂપિયામાં સારવાર કરવામાં આવશે.

ઉદ્ઘાટન સમારંભમાં વાપી પંજાબી ચેરીટેબલ Fondation ટ્રસ્ટના ચેરમેન એસ.એસ. સરના વાપી પંજાબી ચેરીટેબલ ફાઉન્ડેશનના ટ્રસ્ટી મોહિત રાજાની તથા ટ્રસ્ટના પ્રમુખ કિરણજીત ધામી તથા પંજાબી સમાજ અને ભાનુશાલી સમાજનાં અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટી ચરણકવલસિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. તથા આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે જીગ્નેશ ભટ્ટ અને પ્રિન્સ મારવાહ અને તેમની ટીમે ભારે જહમત ઉઠાવી હતી.

## શ્રી ભંડારી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત

# ખત્તલવાડામાં ૪૩મો ગણેશોત્સવ વિશ્વ પર્યાવરણ થીમ ઉપર ઉજવણી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ઉમરગામ,તા.૦૯:** ખત્તાલવાડામાં શ્રી ભંડારી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ૪૩ માં ગણેશ મહોત્સવની ઉજવણી ભંડારી જ્ઞાતિજનો દ્વારા પર્યાવરણ જાળવોની થીમ ઉપર મંડળના કાર્યલય ઉપર ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ શુભ પ્રસંગે મંડળના હોદ્દેદારો તેમજ વ્યવસ્થાપક સમિતિ દ્વારા જ્ઞાતિજનોના દરેક ઘરે પ્રસાદ સાથે એક વૃક્ષના છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમાજના વડીલ સભ્યોએ વૃક્ષો વાવી અને પર્યાવરણ બચાવોનો સંદેશ આપી વૃક્ષારોપણનું મહત્વ સમજાવ્યું હતું.

આ પ્રસંગે વિઘ્નહર્તા દેવ ગણેશજીની પ્રતિષ્ઠા, આરતી, મહાપ્રસાદ, રાસગરબા, ભજન, રાત્રિ જાગરણ, પૂર્ણાહુતિ વગેરે ૨ દિવસના કાર્યક્રમમાં ઉત્સાહભેર તન, મન, ધનથી કાર્યક્રમને સફળ બનાવવા બદલ મંડળના પ્રમુખ કૌશલભાઈ બાબુભાઈ પટેલ વ્યવસ્થાપક સમિતિ વતી મંડળના તમામ સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વલસાડમાં એમ.એસ.પી. સંઘ દ્વારા આર્થિક સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૯:** શ્રી માહયાવંશી શિક્ષણ પ્રચારક સંઘ વલસાડ શાખાનો આર્થિક સહાય કાર્યક્રમ સ્વ: ભગવાનદાસ માર્કર સભાખંડમાં રાજ્ય વેરા કમિશનર વર્ગ એક સુરતના અતિથિ વિશેષપદે યોજાયો હતો. આર્થિક સહાય વિતરણ કાર્યક્રમમાં સમાજના ૯૮ જેટલા વિદ્યાર્થીઓને ૧.૮૩ લાખ જેટલી આર્થિક સહાય ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાજ્ય વેરા કમિશનર વર્ગ ૧ કુ. કલ્યાણીનું સાલથી હેમંતભાઈ અને સંજીવભાઈ અને ધીરજભાઈ હલધરે કુ. કલ્યાણીને મોમેન્ટો આપી સન્માન કર્યું હતું.

શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ વલસાડ શાખાનો આર્થિક સહાય કાર્યક્રમ તા.૮-૯-૨૪ ના રવિવાર બપોરે ૨-૦૦કલાકે શિક્ષણ ભવન સ્વ: ભગવાનદાસ માર્કર સભાખંડમા કુ. કલ્યાણી અશોકભાઈ કલ્યાણી સહાયક, રાજય વેરા કમિશનર વર્ગ-૧ સુરતના અતિથિ વિશેષ સ્થાને રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રમાંથી પધારેલ મહામંત્રી હેમંતભાઇ મગોદીયા અને ઉપપ્રમુખ સંજીવભાઈ હરિયાકરનુ તથા કુ. કલ્યાણીબેનનું પુષ્પથી શાખાના હોદેદાર દ્વારા સ્વાગત કરવામા આવ્યુ હતુ.

ધીરજ હલધરે વિદ્યાર્થીઓને કેન્દ્ર તરફથી મળતી આર્થિક સહાય વિશેની માહિતિ આપી હતી. કુ કલ્યાણીનુ શાલથી સન્માન હેમંતભાઈ અને સંજીવભાઈ દ્વારા સન્માન અને મોમેન્ટોથી સન્માન ધીરજ હલધરે કર્યું હતુ.

કુ. કલ્યાણીએ એમનો પ્રત્યુતરમાં સૌનો આભાર માન્યો હતો. બાદમાં ૯૮ જેટલા વિદ્યાર્થીઓને કુલ્લે ૧,૮૩,૦૦૦ જેટલી આર્થિક સહાય ચેક દ્વારા મહાનુભવોના હસ્તે વિતરણ કરવામા આવી હતી. અંતે કૈલાશ રાઠોડે આભાર વિધી કરી હતી.

# ડાંગમાં ૧૦૮ એમબ્યુલન્સની ટીમ દ્વારા પ્રસુતાની તાત્કાલીક ડિલિવરી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા,તા.૯:** ડાંગ જિલ્લાના બુરથડી ગામની સીમમાં મહિલાને ડિલિવરીનો દુખાવો ઉપડતા,૧૦૮ એમબ્યુલન્સ મારફતે દવાખાને લઇ જવામાં આવી રહ્યા હતા. જોકે વધુ પડતો દુખાવો થતા રસ્તામાં મોખામાળ ગામે વધુ દુખાવો ઉપડતા એમ્બ્યુલન્સની ટીમ દ્વારા તાત્કાલિક એમ્બ્યુલન્સમાં જ ડિલિવરી કરવામા આવી હતી. ડાંગ જિલ્લાના બુરથડી ગામ ખાતેથી ડિલિવરી માટેનો કેસ મળ્યો હતો. જેને પગલે ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ધોરણે પ્રસુતાને ઘરે પહોંચી હતી. અને મહિલાને લઈને હોસ્પિટલ લઈ જવા માટે રવાના થયા હતા. આ દરમિયાન મોખામાળ ગામ નજીક ૨૫ વર્ષીય સગર્ભા રમીલાબેન કૈલાશભાઈ પવારને ડીલેવરીનો વધુ દુખાવો ઉપાડતા ઈ.એમ.ટી. જયેશ રાઠવા અને પાઈલોટ ભુપેન્દ્ર ભોયે દ્વારા સમય સૂચકતાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમજ માતા અને બાળકનો જીવ જોખમમાં હોવાના કારણે ઈ.એમ.ટી જયેશ રાઠવા અને પાયલોટ ભુપેન્દ્ર ભાઈએ એમ્બ્યુલન્સ રસ્તાની બાજુએ ઉભી રાખી ડીલેવરી કરાવતી વખતે બાળકના ગળામાં ગર્ભનાડ વીંટળાયેલી હતી. જેથી માતા તથા બાળકના જીવના જોખમમાંથી બચાવ્યા હતા. તેમજ અમદાવાદ હેડ ઓફિસના હાજર તજજ્ઞ તબીબ ERCP DR. સૌરભનાં માર્ગદર્શનથી ઈન્જેકશન અને દવાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ વધુ પ્રાથમિક સારવાર અર્થે નજીકની સીએચસી સુબીર ખાતે દાખલ કરવામાં આવી હતી. ત્યારે મહિલાના પરિવાર દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અહી સારી કામગીરી બદલ ૧૦૮નાં ઈએમઈ વિજય ગામીત અને પીએમ કમલેશ પઢીયાર દ્વારા ૧૦૮ની ટીમને પ્રોત્સાહિત કર્યા હતા.

## મારી નાડ તમારા હાથે હરિ સંભાળજો રે...!

**મધુરમ મધુરેભ્યોડપિ મંગલોભ્યોડપિ મંગલમ પાવનમ પાવનેભ્યોડપિ હરૈ નામૈવ કેવલમ**

છેએએએને ....તોડી નાંખે એવું સંસ્કૃત..? wow બોલવાની જરૂર નથી, ચોરેલો માલ છે. બંદાને સંસ્કૃત તો ઠીક, પાધરું ગુજરાતી બોલવામાં પણ ફાંફા..! મંદીરની રોજ પૂજા કરતાં પુજારીને આરતી મોંઢે થઇ જાય, એમ ભણતા ત્યારે શ્લોક મોંઢે થઇ ગયેલો, એટલે ફટકારી નાંખ્યો..! મારું સંસ્કૃત સાંભળીને એકવાર ચમનીયાને પણ ચક્કર આવી ગયેલા. મને કહે યાર, ' મને પણ સંસ્કૃત શીખવને..? મર્યા પછી સ્વર્ગમાં જવાયુ તો દેવગણ સાથે ખેંચતા તો ફાવે..? મેં કહ્યું, 'સ્વર્ગને બદલે નરકમાં ગયો તો..? તો કહે, ' ત્યારે આપણી 'સુરતી' કાઢવાની..! તારા કપાળમાં કાંદા ફોડું..! સંસ્કૃત દેવભાષા છે. શ્રાવણ મહિનામાં એનો ગુંજારો વધારે થાય. મેં પણ શ્રાવણ માસ આવ્યો ત્યારે પેટારો ખોલ્યો..! બાકી, સંસ્કૃત તો અમને 'જીરા' ની સાઈઝ જેટલું પણ નહિ આવડે..! મને યાદ છે કે, મારી માએ મને એકવાર પૂછેલું, કે તમસો મા જ્યોતિર્ગમય નું ગુજરાતી શું થાય? મેં કહ્યું, 'બહુ ઇઝ્ઝી..! 'મા તમે સુઈ જાવ હું જ્યોતિના ઘરે જાઉં છું..!' !' આ સાંભળીને માએ બરડો સેકી કાઢેલો. ત્યારથી ખબર છે કે, શરીરના કયા ભાગમાં બરડો આવેલો છે..! મારાથી આજે પણ હ્ર ઓમ નમૈં શિવાય બોલાતું જ નથી, 'આમ ન શિવાય' જ બોલાય..! પણ, ભોળેનાથ ચલવી લે.કેમ કે હું પણ ભોળો ને મારો શિવજી પણ ભોળો..! તંઈઈઈઈઈ..?

જ્યારે જ્યારે શ્રાવણ બેસે, ત્યારે મોજીલા માણસને નકરડા ઉપવાસ કરતી વેળા. કવિ કેશવરામનું આ ભજન મગજમાં ઘુમવા માંડે., 'મારી નાડ તમારા હાથે હરિ સંભાળજો રે..!' શ્રાવણ બેસે એટલે વેસ્ટર્ન ડ્રેસવાળા લેંઘા છૂટવા માંડે, ને ભગવા અબોતીયા ઉપર આવી જાય. હનીસિંહના શોખીનો, ભજન અને શિવપુરાણ શોધવા માંડે. વાતાવરણમાં એવી સફેદી આવી જાય કે, ગઈકાલ સુધી જે ગુડ મોર્નિંગ થી દિવસનો લેતો, એ ઓમ નમઃ શિવાય ઉપર આવી જાય. ખબર જ પડી જાય કે શ્રાવણે ફૂટ કાઢવા માંડી છે..! પછી ફૂટ જેટલી કેરી નહિ આવે તો ટેન્શન નહિ લેવાનું. આનંદ લેવાનો કે, ચારેયકોરનું વાતાવરણ અને માનવીનું મેલવણવાળું મનતો બદલાય છે ને..? શ્રાવણ




માસમાં મરઘા પણ 'કૂકરે કૂક' નાં નાદમાં, 'ઓમ નમઃ શિવાયઃ' બોલતાં હોય એવો ભાસ થાય ને, ચકલાઓ ચીંચીં ને બદલે 'શિવ શિવ' નો કલરવ કરતાં હોય એવું લાગે. પણ ભગવત ભાવે સાંભળવાની આજે ધીરજ ક્યા છે..? શ્રાવણ હમણાં જ ગયો ને પાછો આવી ગયો. રાવણના દશ માથામાં કયું માથું, પાવનકારી હતું, એની ખબર નથી, પણ શ્રાવણ એટલે પંચાંગ પ્રમાણે પાવનકારી દશમો મહિનો..! એવો પવિત્ર માસ કે, આ માસનો ભગત દાઢી સિવાય બધું છોડી દે. મોંઢામાં ગાળને બદલે હાથમાં રુદ્રાક્ષની માળા અને 'ઓમ નમૈં શિવાય' ના રટણ કરતો થઇ જાય. શ્રાવણનો એવો મહિમા છે. શિવજી સ્મશાનમાં રહે, ને આપણને લક્ઝરી બંગલામાં રાખે. પોતે વલ્કલ પહેરે, ને આપણને બ્રાન્ડેડ કપડાં પહેરાવે. પોતે ગળામાં નાગદેવતા રાખે, ને આપણને સોનાથી મઢેલા રાખે. પોતે તાંડવ નૃત્ય કરે, ને આપણને દોઢિયા રમાડે...! ભગવાન પણ વિચારે કે, વાહ રે ભગત..! ૧૧-૧૧ મહિના સુધી તો મને દર્શન આપવા આવતો હતો, હવે મારા દર્શને આવે..? શ્રાવણમાં શિવ મંદિરોમાં ઘંટનાદની વૃદ્ધિ થવા માંડે. ક્યાંક તો એવા જોરથી ઘંટનાદ કરે કે, આગના લાગી હોય? ઠેર ઠેર બીલીપત્રોનો ચઢાવો ચઢવા માંડે. બીલીપત્રના ઝાડવાઓ જાણે તિરુપતિ યાત્રામાં વાળ ઉતરાવીને આવ્યા હોય એમ, શ્રાવણ પૂરો થાય એટલે બોડાં થઇ જાય..! શ્રાવણનો એવો મહિમા છે દાદૂ..! જાણે કે, હ્રઆયા સાવન ઝૂમકે..!

શ્રાવણ માસ એટલે ધર્મનું વિરાટ સ્વરૂપ..! ઘરમાં લગન આવ્યા હોય એમ, શ્રાવણમાં મંદિરો સજાવા માંડે. નાસ્તીકના મગજમાં ધાર્મિક વિચારો રીફીલ થવા માંડે. મોજીલા જીવને ખાવા-પીવામાં કટોકટી લાગી જાય. ૬-૪૫ નો સમય થાય એટલે ગળામાં જે દાઝ નીકળતી એ પણ શાંત થઇ જાય. ખાધે, અને ખાસ કરીને પીધે મોજીલા હોય, એ દીવ-દમણ-આબુ કે સેલવાસ તરફથો મોંઢું ફેરવી લે. એટલે તો, ઘણા ધુરંધરો શ્રાવણ બેસું બેસું થાય એ પહેલા જ અષાઢના અંત સુધીમાં શ્રાવણનો ક્વોટા 'ફીનીશ' કરી નાંખે. પણ આ વખતે વરસાદે બાજી બગાડી નાંખી. એવો બેફામ પડ્યો કે, ઠેર ઠેર રેલમછેલ કરી મૂકી. વાજા વાજિંત્રો વગર વરઘોડા નીકળ્યા હોય એમ, વરસાદ પણ ગાજ વીજ વગર સાંબેલાધાર પડ્યો. દર વરસે ભગવાન જગન્નાથ જ નગર દર્શન માટે નીકળતા, આ વખતે તો નદીઓ પણ નીકળી. માત્ર નગર દર્શનથી ધરાણી ના હોય એમ, ઘર અને રસોડા સુધી પણ અમુક જગ્યાએ તો ડોકિયા કરી આવી. જે નદીઓમાં મગરનો વાસ છે, એ મગરીયાઓ પણ મુઆ નદીની આંગળી ઝાલીને નગર દર્શન માટે નીકળ્યા. થયું એવું કે, મગરો જોઇને, માણસો પણ સમજી ગયા કે, અમારામાં ભલે ખુબ પાણી હોય પણ, પાણીમાં રહેતા મગરો અમારા કરતાં ઓછાં ખતરનાક તો નથી..!

જે હોય તે, કોરોના ચાંદીપુરાથી બચ્યા તો શ્રાવણના દ્વાર સુધી આવ્યા ને, એનો આનંદ લેવાનો. ૧૧-૧૧ મહિના સુધી જે કંઈ કોધાકબાડા થયા હોય, એમાંથી મુક્તિ લેવા પણ શ્રાવણમાં ભક્તિ કરવાની. એમ માનવાનું કે, એક મહિનાનો ધાર્મિક 'જીએસટી' લાગ્યો છે..! શ્રાવણમાં નહિ ખવાય કે નહિ પીવાય તો કટાણું મોંઢું નહિ કરવાનું. 'ઓમ નમઃ શિવાય' બોલવાનું. ભગવાન માટે છોડેલું, કાઢેલું, રાખેલું, વિચારેલું, ગાયેલું, વગાડેલું, બોલેલું, ચાવેલું કદી નિરર્થક જતું નથી. મીરાંબાઈએ તો ઝેર ગટગટાવેલું, આપણે તો શિંગોડાનો શિરો ને 'જ્યુસ' જ ઠપકારવાના છે ને..? છોકરું સવારે વાંચે, રાતે વાંચે, મળશ્કે વાંચે, કે ભરબપોરે વાંચે, એને જ્યારે મોજ આવે ત્યારે વાંચે. એ વાંચે તે મહત્વનું છે. ૧૧ મહિના ભલે ભક્તિમાં કાંદો નહિ કાઢ્યો હોય, શ્રાવણમાં ભરપાઈ તો કરે છે ને..? જો બકા, ધરતી ઉપર 'રીટર્ન' આવવું હોય તો, લાઈસન્સ રીન્યુ કરવાના અધિકાર સરકાર પાસે નથી, ભગવાન પાસે જ છે, તો થોડુક સહન કરી લેવાનું..! 'શિવજી' એટલે આપણા બ્રાન્ડેડ ભગવાન કહેવાય. ભલે, મહાદેવના પાંચ નામ આવડતા નહિ હોય, પણ એમની ભક્તિ કરો એટલે બેડો પાર..! શ્રાવણ આકરો લાગે તો ઢોલક મંજીરા કાઢી ગળું ખંખેરી લેવાનું કે, મારી નાડ તમારા હાથે હરિ સંભાળજો રે...! 'આપણી નાડ એમના હાથે છે..! પેલું ગીત યાદ કરી લેવાનું કે,

**કુ છ ખો કર પાના હૈ, કુછ પા કર ખોના હૈ,**
**જીવનકા મતલબ તો આના ઔર જાના હૈ**

**લાસ્ટ બોલ**

ચમનીયો એટલે ભારે શિવ ભક્ત..! શ્રાવણ બેસે એટલે શિવજીના મંદિરમાં જઈને ભક્તિ તો કરે, પણ શ્રાવણ ઉતરે ત્યાં સુધી ગામમાં જેટલા શંકરભાઈ હોય, એને પણ પગે લાગી આવે, ને એને પણ ધંતુરો ચઢાવતો આવે...!

એના કપાળમાં કાંદા ફોડું..!

## જો બકા, તકલીફોને ઉત્સવોની નાચકુદમાં ભૂલી જવાની

રામલાલ અને શ્યામલાલ વહેલી સવારે ઉઠીને ચાલવા નીકળ્યા અને વાતો કરવા માંડ્યા..

**રામલાલ-** શું નવાજુની ચાલે છે, ગામમાં ?

**શ્યામલાલ-** લોકો ચર્ચા કરે છે કે રેલ્વે ઓવરબ્રિજ અને અન્ડરબ્રિજોનું કામ પણ હવે પોલીસને સોંપી દેવા જેવું છે.

**રામલાલ-** લે, એમાંથી પસાર થતાં વાહનોના ચેકિંગ અને ટ્રાફિકવ્યવસ્થા તો પોલીસ ડિપાર્ટમેન્ટ પાસે જ હોય છે.

**શ્યામલાલ-** ડફોળ, પંચવર્ષિય યોજના નહીં પણ પંદરવર્ષિય યોજના થઈ ગયેલ રેલ્વેના સુચિત ઓવરબ્રિજો અને અન્ડરપાસોના ઢીચુકઢીચુક કામોમાં ઝડપ લાવવા માટે એ કામ, હવે પોલીસ ડિપાર્ટમેન્ટને સોંપવાની લોકલાગણી ફેલાઈ રહી છે.

**રામલાલ-** હોય કંઈ, પોલીસને ક્યાંથી એ બધા કામ પધરાવાય ?

**શ્યામલાલ-** જો ભઈ, ઉંમરગામમાં એક ચાલીમાં રહેતી માત્ર ત્રણ વર્ષની બાળકી સાથે થયેલ દુષ્કર્મના કેસમાં, મહારાષ્ટ્રમાં ભાગી ગયેલા આરોપીને એક જ કલાકમાં પકડી લાવીને, સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ દ્વારા આરોપી વિરુદ્ધ પુરાવાઓ એકત્રિત કરી માત્ર ૯ દિવસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ૪૭૦ પાનાની ચાર્જસીટ રજુ કરી, સમગ્ર ગુજરાતનું ધ્યાન ખેંચનાર અને ઈલેક્ટ્રોનિક મિડીયામાં દેશલેવલે પણ છવાઈ જનાર વલસાડ-વાપી પોલીસ ડિપાર્ટમેન્ટની સુપરફાસ્ટ સ્પીડે થયેલી કામગીરીને બધા જ બિરદાવી રહ્યા છે.

**રામલાલ-** હવે તો આ સુપરફાસ્ટ કેસની બંગાળના ચર્ચાસ્પદ અને ઢીલી કામગીરીવાળા કેસ સાથે તુલના પણ થઈ રહી છે.

**શ્યામલાલ-** વલસાડ પોલીસે તો સુપરફાસ્ટ સ્પીડે આરોપીને ઝડપીને, ચાર્જશીટ પણ ફાઈલ કરી દીધી છે. હવે પછી આપણાં બંધ પડેલા રેલ્વે ઓવરબ્રિજો અને અન્ડરપાસોનું કામ પણ હવે એમની ઝડપી અને કડક દેખરેખમાં સોંપી દેવાય તો જ આપણા ગામની આ ગંભીર સમસ્યાનો પણ કોઈ ઉકેલ આવે.



**આસપાસ**

- ગિરિશ પટેલ, વાપી

**રામલાલ-** બાંધકામ તંત્ર ઢીલું ઢીલું ચાલે છે, એ જગજાહેર છે. લોકનેતાઓ પણ એ બાબતે ચુપચાપ થઈ ફરે છે. જો કે, ઓવરબ્રિજો અને અન્ડરપાસોના અધકચરા અને અણઘડ આયોજનના કારણે થતી ટ્રાફિકસમસ્યાઓનું નિવારણકાર્ય પણ પોલીસ ડિપાર્ટમેન્ટના માથે જ પડતું હોય છે. એવા સંજોગોમાં બાંધકામ વિભાગના ડિપાર્ટમેન્ટમાં પોલીસની કડકાઈ ચાલતી હોય તો લોકોની સુખાકારી માટે તો એ સારૂ જ કહેવાય. પણ શું એવું શક્ય છે ??

**શ્યામલાલ-** જો ભઈ, હવે તો ગામમાં જ નહીં, ગુજરાતમાં પણ સહનશીલતાની હદ પૂરી થાય એવું વાતાવરણ થઈ રહ્યું છે. પેઈડ જાહેરાતો કરીને ભ્રામક રીતે ઉપજાવાયેલી ઉછળી છબીને, ચોમાસાના વરસાદે તો આ વર્ષે સાવ ધોઈ જ નાખી છે. કાગડા બધેય કાળા.

**રામલાલ-** શું થયું ? શું થયું ? ગુજરાત મોડેલ ને ? રાતોરાત ?

**શ્યામલાલ-** લોકોનાં ડુબકાં અને તંત્રના ડચકાં તને નથી દેખાતાં ? બિચારા મગરો તો તણાઈને આવે છે, પરંતુ બરોડામાં બેફામ પાણી ઘુસી જાય અને બોટ્સ સહિતની બચાવ સામગ્રી ધૂળ ખાય ? હવે તો પ્રજાના માનસપટ પર ચડેલી ધૂળ ધોવાય તો સારૂ છે.

**રામલાલ-** વડોદરામાં તો સમસ્યાના સ્થળે મુલાકાત લેતાં લોક પ્રતિનિધિઓને ઠેરઠેર જાકારો પણ મળી રહ્યો છે. આપણે ત્યાં તો ઓવરબ્રિજો અને અન્ડરપાસોના સ્થળે કોઈ ફરકવા પણ તૈયાર નથી. બધા શાણા થઈને આઘા જ ફરે છે.

**શ્યામલાલ-** એ વડોદરાએ ચુટણીમાં ઉમેદવારોને પાંચ પાંચ લાખની લીડથી જીતાવ્યા છે. લોક પ્રતિનિધિમાંથી પ્રજાનો રોષ વિરોધી મતોમાં તબદિલ થવાનો ભય ગાયબ થઈ જાય ત્યારે એમની ચામડી વિશ્વામિત્રીમાંથી વડોદરાની સોસાયટીઓમાં તણાઈ આવતા મગરો જેટલી જાડી થઈ જતી હોય છે.

**રામલાલ-** સાચી વાત છે. શાસકોમાં વિરોધી મતદાનનો ભય એ પાણી પહેલાની પાળ હોય છે, એ ન બાંધો તો પાણી ઘરમાં ઘૂસે જ ને?

**શ્યામલાલ-** આવું માત્ર વડોદરા નહિ આખા ગુજરાત સાથે થઈ રહ્યુ છે. ગુજરાત ટેકન ફોર ગ્રાન્ટેડ લેવાઈ રહ્યુ છે કે મોરબીમાં બ્રિજ તૂટી પડે, વડોદરામાં બોટ પલટે કે રાજકોટમાં અગ્નિકાંડ થાય, છતાં ત્યાં તો જીતી જ જવાના. પ્રજા શાસકોને કેટલી હદે બેફિકર કરી શકે એ હવે બધે અનુભવાય છે. સામેપક્ષે સરકારની ડેમેજ કન્ટ્રોલ મશીનરી પણ જબરજસ્ત પાવરફૂલ છે. કામગીરી નહીં.

**રામલાલ-** લોકશાહીમાં પ્રજાએ સત્તાપક્ષ અને વિપક્ષ બંન્નેને દોડતા રાખવાના હોય છે. પ્રજાએ સમયે સમયે બંન્નેને ચૂંટીયો ખણતા રહેવો પડે.

**શ્યામલાલ-** ભૂતકાળમાં જ્યાં કોઈ પક્ષ અનબિટેબલ થયો ત્યાં પ્રજાની હાલાકી અથવા ભ્રષ્ટાચાર વધતા ગયા. શિલા દિક્ષિતનું દિલ્હી યાદ કરો કે મમતા બેનર્જીનું હાલનું બંગાળ જોઈ લો. નહિ તો સામ્યવાદીઓના સમયના બંગાળનો કે લાલુના સમયના બિહારનો કે સપા-બસપાના સમયનો ઉત્તર પ્રદેશનો ઈતિહાસ જોઈ લો. મધ્યપ્રદેશનું વ્યાપમં કૌભાંડ અને એમાં પડતી લાશો યાદ છે? ક્યાંથી યાદ હોય! આપણને આપણા ખુદના ઝખ્મો યાદ નથી રહેતા ત્યાં બીજાના શું ધૂળ યાદ રહેવાના?

**રામલાલ-** હરણી કાંડ હોય, મોરબી બ્રિજ કાંડ હોય, રાજકોટ અગ્નિકાંડ હોય કે પૂર આવે... કોઈ પણ સરકારે કે તંત્રએ આપણી સુરક્ષાનું ધ્યાન રાખવું જ જોઈએ.

**શ્યામલાલ-** વાસ્તવિકતા એ છે કે આપણે જ એ મુદ્દે ગંભીર નથી થતા. મોરબીના બ્રિજમાં સુરક્ષા સર્ટિફિકેટના ધાંધિયા હતા, હરણી કાંડમાં બાળકોને લાઈફ જેકેટ વિના ચડાવી દેવાયેલા, રાજકોટમાં એનઓસી વિના ગેમ ઝોન ધમધમી રહ્યુ હતુ અને હવે વડોદરામાં બચાવ સામગ્રી ધૂળ ખાઈ રહી છે. આવું વારંવાર થાય જ છે એટલા માટે કારણ કે જાહેર સુરક્ષા, જાહેર આરોગ્ય, શિક્ષણ કે સારી આરોગ્ય સેવા પાસે આપણી કોઈ અપેક્ષા જ નથી.

**રામલાલ-** હાસ્તો, અને પોલીસ ડિપાર્ટમેન્ટ પાસે આખા ગામની અપેક્ષાઓ.


**શ્યામલાલ-** આ તો એવું થયું કે દુર્ઘટનાઓમાં પચ્ચીસ મરે કે એકસો પચ્ચીસ, જનતાને એનાથી ફર્ક નથી પડતો. જનતાને ફર્ક નહિ પડતો હોય તો નેતાઓને પણ નહિ જ પડે. પ્રજાને એ તો મળી જ રહ્યું છે ને કે જેના માટે વૉટ આપ્યા હતા. ગુજરાત ભલે ડુબકાં ખાય,

**રામલાલ-** વિચારવા જેવું છે કે જ્યાં નેતાઓ આંધળી બહુમતી પચાવવા જેટલા મેચ્યોર્ડ ન થયા હોય એમને આપવી શા માટે? ને કયો પક્ષ ચૂંટાય છે અને શાસન કરે છે એના કરતા પણ મહત્ત્વનો પ્રશ્ન એ છે કે એ ચૂંટાય છે કયા મુદ્દાઓ પર? ચૂંટણી દરમિયાન જનતા ક્યારેય જાહેર સુરક્ષાના મુદ્દા માર્કેટમાં લાવે છે ખરી?

**શ્યામલાલ-** જનતાને ખુદને જ કેટલાક રાજકીય ઈચ્છાખોરો પ્રેરિત આંદોલનોમાં ચલક ચલાણુ ને પેલે ઘેર ભાણું રમવાની મજા પડતી હોય છે. ચૂંટણી ટાણે જ આપણે પ્રજામાંથી ક્ષત્રિય, કોળી, પાટીદાર અને બ્રાહ્મણ વગેરે થઈ બેસીએ છીએ. બધી જ્ઞાતિઓના ગૌરવ ફૂટી ને ફાટી નીકળે છે. અને ૨૧મી સદીમાં પણ જો જનતા ધર્મ અને જ્ઞાતિના આધારે મતદાન કરતી હોય ત્યાં શું કંકોડા ભલુ થાય?

**રામલાલ-** જો બકા ! તકલીફો તો રે'વાની.

**શ્યામલાલ-** અને આવનારા ઉત્સવોની નાચકુદમાં એને ભૂલી પણ જવાની ?



### આજનો દિવસ

## જામ રણજી

(૧૦, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૭૨)

ઇંગ્લેન્ડમાં ક્રિકેટના ક્ષેત્રમાં ખૂબ જ જાણીતા થયેલા નવાનગર એટલે કે જામનગરના રણજિતસિંહજી વિભાજીનો જન્મ એક સમયના નવાનગર તરીકે જાણીતા દેશી રાજ્યના ગામ સડોદરમાં ૧૦, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૭૨ ના રોજ થયો હતો. તેમના જનક પિતાનું નામ જીવનસિંહજી હતું. તેઓ સડોદરના ગરાસદાર હતા. નવાનગર એટલે કે હાલના જામનગરના મહારાજા વિભાજીએ રણજિતસિંહને દત્તક લીધા પછી તેઓ રણજિતસિંહ વિભાજી તરીકે ઓળખાવા લાગ્યા. 'રણજી' ના હુલામણ નામે જાણીતા થયેલા વિશ્વક્રિકેટના રાજકુમારે શરૂઆતમાં રાજકોટની રાજકુમાર કોલેજમાંથી શિક્ષણ મેળવેલું. એક પારસી કોચે તેમનો ક્રિકેટ પ્રત્યેનો અભિગમ પારખી તેમને પ્રેરણા, માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરાં પાડેલાં. તમને જાણીને નવાઈ લાગશે કે ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી એ સમયે રાજકોટની શાળાની ક્રિકેટ ટીમના સુકાની અને બોલર હતા. ત્યારે ઈ.સ. ૧૮૮૩માં જામ રણજીની ટીમ તેમની ટીમ સામે મેચ રમેલી. એ મેચમાં રણજીની ટીમનો રકાસ થયેલો. ઈ.સ. ૧૮૮૮ માં રણજી વધુ અભ્યાસ માટે ઇંગ્લેન્ડ ગયા. ત્યાં કેમ્બ્રિજની ટ્રિનિટી કોલેજમાં પ્રવેશ મેળવ્યો. તેઓ ટ્રમ્પિંગ્ટન રોડ પર આવેલી સેન્ટ ફેઇથ સ્કૂલ ના મેદાન પર જઈ ક્રિકેટ રમતા. ધીમે ધીમે તેઓ ક્રિકેટની રમતમાં એવા તો ખોવાતા ગયા કે એમના અભ્યાસ પર વિપરીત અસર થવા માંડી. રજાઓમાં તેઓ જાણીતા ક્રિકેટર ટોમ હેવર્ડ સાથે બોને માઉથ ગયા. જ્યાં તેમને ક્રિકેટ પ્રત્યે અધિક ચાહના થયેલી. ઈ.સ. ૧૮૯૦ માં 'કાસાન્ડ્રા ક્લબ' અને 'ફીટ્સ વિલિયમ હૉલ' વતી ક્રિકેટ રમી ઘણા રન બનાવેલા તેમણે તેમની રમતની આગવી શૈલી શોધી કાઢી હતી. પાર્કર્સ પીસ ખાતે શરૂઆતના ગાળામાં એક જ દિવસમાં જુદી જુદી ત્રણ ટીમો વતી ત્રણ સદીઓ નોંધાવેલી. પાર્કર્સ પીસ ખાતે રણજીને બેટિંગ કરતાં જોયા પછી ઇંગ્લેન્ડના મહાન બેટ્સમેન સર જે.બી.હોબ્સે કહેલું, 'મને કોચિંગનો લાભ મળ્યો નથી. પણ હું વિખ્યાત બેટધરોની બેટિંગકળા જોતો. પાર્કર્સ પીસ ખાતે મેં રણજિત સિંહનું બેટિંગ જોયેલું. તેઓ જે સ્વાભાવિક્તા અને ગરિમાથી બેટિંગ કરતા તેનું હું અનુકરણ કરતો. ભલે હું સફળ નહીં થયેલો છતાં તેમનો આદર્શ જ મારા માટે ગૌરવની વાત છે.' એકવાર કાસાન્ડ્રા ક્લબ વતી રમતાં ઓલ્ડ પર્સીઅન્સ સામે તેમણે અણનમ બસો છ રન ફટકારેલા. એકવાર તો એક જોરદાર સ્ટ્રોક મારી તેઓ ૧૨ રન દોડી ગયેલા !

તેમને તેમની ટ્રિનીટી કોલેજ તરફથી રમવાની તક મળેલી. ટીમમાં સ્થામ પામ્યા પછી પણ કોઇ એમની સાથે બોલતું નહીં. તેઓ મૈત્રી ઝંખતા હતા. કોલેજની ટીમમાં સ્થાન મળ્યા પછી પણ યુનિવર્સિટીની ટીમમાં સુકાની જેક્સનના વિરોધને લઇ જગા મળેલી નહીં. છેવટે જેક્સનનો દ્રષ્ટિકોણ બદલાતાં ઈ.સ. ૧૮૯૩માં તેઓ કેમ્બ્રિજની ટીમમાં પસંદગી પામેલા. ઈ.સ. ૧૮૯૪ની સીઝન દરમ્યાન તેઓ એમ.સી.સી. વતી નિયમિત રમતા રહેલા. ઈ.સ. ૧૮૯૫ માં તેમણે તેમની પ્રથમ મેચમાં જ લોર્ડ્ઝ ખાતે એમ.સી.સી. સામે રમતાં અણનમ ૭૭ અને ૧૫૦ રન ફટકારેલા અને છ વિકેટો પણ ઝડપેલી. કાઉન્ટીની તેમની પ્રથમ સીઝનમાં જ ચાર સદીઓ સાથે તેમણે કુલ ૧૭૭૫ રન ફટકારેલા. તેમની સરખામણી ધૂરંધર બેટધરો સાથે થવા લાગી. તેમને માટે મૈત્રીના દરવાજા પણ ખુલી ગયા. તેઓ સસેક્સનો અજોડ હિસ્સો બની ગયેલા. તેમને ચાર્લ્સ બી. ફ્રાઇ સાથે મિત્રતા બંધાયેલી જે ૪૦ વર્ષ ટકેલી. ઈ.સ. ૧૮૯૫ નું વર્ષ તેમને માટે યાદગાર બની ગયેલું. આ વર્ષની શરૂઆતમાં જ તેમણે એકએવો વિક્રમ સ્થાપ્યો જેની સરખામણી એક જ ટેસ્ટમાં ૧૯ વિકેટો લેવાના જિમ લેકરના વિક્રમ સાથે થઇ શકે. પૂર્વ સસેક્સના બ્રાઇટોન ખાતે યોર્કશાયર સામે એક જ દિવસમાં બંન્ને દાવમાં ૧૦૦ અને અણનમ ૧૨૫ રન કરેલા.

આ ગાળામાં ઑસ્ટ્રેલિયાની ટીમ ઇંગ્લેન્ડમાં ત્રણ ટેસ્ટ મેચ રમવા આવેલી. એમ.સી.સી. ના લોર્ડ હેરિસે રણજીનો અનાદર કરેલો. તેથી તેઓ હતાશ થયેલા પણ ઓલ્ડ ટ્રેફર્ડ, માન્ચેસ્ટર ખાતે રમાનારી બીજી ટેસ્ટ માટેની ટીમમાં એમનો સમાવેશ કરવામાં આવેલો. ૧૬, જુલાઇ, ૧૮૯૬ ના દિવસે રણજીએ ઇંગ્લેન્ડ વતી ટેસ્ટ પ્રવેશ કરેલો. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દાવ લઈ ૪૧૨ રન કરેલા. જવાબમાં ઇંગ્લેન્ડે રણજીના ૬૨ રન સાથે ૨૩૧ રન થયેલા. ઇંગ્લેન્ડના બીજા દાવમાં ૪ વિકેટે ૧૦૯ રન થયેલા. જેમાં રણજી ૪૧ રને નોટ આઉટ રહેલા. પછીના દિવસે ૧૩૦ મિનિટમાં વધુ ૧૩૦ રન કરેલા. ઇંગ્લેન્ડનો બીજો દાવ ૩૦૫ રનમાં સમેટાઇ ગયેલો. જેમાં રણજીએ ૨૩ બાઉન્ડ્રી સાથે અણનમ ૧૫૪ રન કરેલાં. લંચ પહેલાં સદી ફટકારનાર તેઓ વિશ્વના પ્રથમ ક્રિકેટર બનેલા. રણજીએ લોર્ડઝ ખાતે જાણે બેટિંગનું ઊર્મિકાવ્ય સર્યું હતું ! તેમની એ ઇનિંગ જોઇ આખું સ્ટેડિયમ જાણે રણજીનું ભક્ત બની ગયેલું ! તેમણે આ જ વર્ષે ક્રિકેટના પિતા સમાન ડબલ્યુ જી. ગ્રેસના સીઝનની એક જ ઇનિંગમાં સૌથી વધુ રન કરવાનો વિક્રમ તોડેલો. તેરૂ સીઝનમાં ૫૦ દાવમાં ૧૦ સદીઓ સાથે ૫૭.૪૪ રનની એવરેજથી ૨૭૮૦ રન ખડકેલા. તેમની આ સિદ્ધિ બદલ ખુદ ગ્રેસે તેમને અભિનંદન આપેલા.

તેઓ ઈંગ્લેન્ડમાં એટલા લોકપ્રિય થયેલા કે 'સ્ટાર' નામના દૈનિકે લખેલું 'જા રણજિત સિંહજીને રાજકારણમાં થોડો ઘણો પણ રસ હોય તો આજે કોઈપણ મતવિસ્તારમાંથી ઉમેદવારી કરવાનું તેમને માટે કઠિન નથી.કારણ કે આજે તેઓ ઇંગ્લેન્ડમાં સૌથી વધુ લોકપ્રિય વ્યક્તિ છે.' ઈ.સ. ૧૮૯૭-૯૮ માં ઓસ્ટ્રેલિયાના પ્રવાસે આવેલ ઇંગ્લીશ ટીમમાં તેમનો સમાવેશ થયેલો. એડિલેડની પ્રથમ મેચમાં તેમણે ૧૮૯ રન કરેલા. આ પછી તેમણે લખેલા તેમના પ્રથમ લેખમાં ઓસ્ટ્રેલિયાના વિખ્યાત બોલર અર્નેસ્ટ જોન્સ બોલદ્રો કરવાનો આક્ષેપ મૂક્યો. તેથી તેમની સામે વિરોધનો વંટોળ જાગેલો. છતાં તેમણે ઓલ્ડ ટ્રેફર્ડ ખાતે બજી ટેસ્ટમાં સાતમા ક્રમે આવી અણનમ ૧૭૫ રન ખડકેલા. ઈ.સ. ૧૮૯૯ માં ટેન્ટબ્રીજ, નોટિંગહામ ખાતેની ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ મેચમાં છેલ્લા દિવસે ઓસ્ટ્રેલિયા સામે જીતવા માટે ઇંગ્લેન્ડને ચાર કલાકમાં ૨૯૦ રન કરવાના હતા. તેની ૪ વિકેટો માત્ર ૧૯૨નમાં જ પડી ગયેલી. હાર માથે આવી ઊભી હતી ત્યારે રણજીએ અણનમ ૯૩રન કટકારી મેચ ડ્રો માં ખેંચેલી.

ઈ.સ. ૧૯૦૦ ની સીઝનમાં ૪૦ દાવમાં તેમણે ૧૧ સદીઓ સાથે ૩૦૯૫ રન નોંધાવેલા. જેમાં પાંચ તો બેવડી સદી હતી. ઈ.સ. ૧૯૦૧ માંટાઉટન ખાતે તેમણે કારકિર્દીનો સર્વોચ્ચ જુમલો એટલે કે અણનમ ૨૮૫ રન કરેલાયંસ. ૧૯૦૨ ની ઈંગ્લેન્ડમાં રમાયેલી ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણી તેમને માટે અંતિમ શ્રેણી બની રહેલી. તેમાં ત્રણ મેચમાં તેમણે કુલ ૧૯૨ન કરેલા.

ઈ.સ. ૧૯૧૫ માંશુટિંગની પ્રેક્ટિસ દરમ્યાન અકસ્માતે તેમણે તેમની જમણી આંખ ગુમાવેલી. ૨, એપ્રિલ, ઈ.સ. ૧૯૩૩ ના રોજ ૬૧ વર્ષની વયે ક્રિકેટ જગતનો આ તેજસ્વી સિતારો ખરી પડેલો. એમના અવસાન બાદ ભારતમાં એમની સ્મૃતિમાં 'રણજી ટ્રોફી' ની શરૂઆત થઈ. આ ટુનામેન્ટની સૌ પ્રથમ મેચ ૪, નવેમ્બર, ૧૯૩૪ ના રોજ મદ્રાસ અને મૈસુર વચ્ચે રમાયેલી. ક્રિકેટમાં લેગગ્લાન્સ શોટના તેઓ જનક હતા. તેઓ ચપળ ફિલ્ડર પણ હતા. તેમની માનવતા અને ઉદારતા પ્રસંશનીય હતી. એકવડિયો બાંધો ધરાવતા તેઓ સદા બિમારીથી પરેશાન રહેલા. ક્રિકેટવિશ્વને તેમણે જ્યુબિલી બુક ઓફ ક્રિકેટ નામનો ગ્રંથ ભેટ ધર્યો છે.

### ૫ વર્ષમાં ૪૬૦૦ મિલિયન યુનિટનું ઉત્પાદન

## ગુજરાતના ડેમ છલકાતા રેકોર્ડ બ્રેક વીજ ઉત્પાદન

### ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર ડેમમાંથી ઓગસ્ટ ૨૦૨૪માં ૧૦૬૭.૩ મિલિયન યુનિટ ઉત્પાદન

હાલ ભારતભરમાં રીન્યુએબલ એનર્જીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા સોલાર રૂફટોપ માટે સબસિડી પણ આપી રહી છે, ત્યારે ભારતમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ GW બિનઅશ્મિભૂત ઈંધણ આધારિત ક્ષમતા સુધી પહોંચવાના ટાર્ગેટ સાથે ગુજરાતમાં પૂરજોશમાં કામગીરી ચાલી રહી છે. જેમાં સોલાર રૂફટોપ, હાઇડ્રો પાવર પ્રોજેક્ટ્સ અને રિન્યુએબલ એનર્જી પાર્ક સહિતના રાજ્યમાં પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદનને વેગ આપી રહ્યા છે. આ દરમિયાન ચોમાસાની સિઝનમાં ગુજરાતમાં સારો એવો વરસાદ ખાબકતા ગુજરાતના ડેમ છલકાતા હાઇડ્રો પાવર સ્ટેશનમાંથી પણ રેકોર્ડ વીજ ઉત્પાદનમાં થઇ રહ્યું છે. જેમાં ગુજરાતના ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર ડેમમાંથી ઓગસ્ટ ૨૦૨૪માં ૧૦૬૭.૩ મિલિયન યુનિટ (MU) વીજ ઉત્પાદન થયું છે. જ્યારે જુલાઇમાં વીજ ઉત્પાદન ૩૦૮.૭ મિલિયન યુનિટ થયુ છે.

ઑગસ્ટ મહિનામાં સરદાર સરોવર ડેમમાંથી ૮૦૦ મિલિયન યુનિટ વીજ ઉત્પાદન થયુ છે. જેમાં સરદાર સરોવર (RBPH) અને સરદાર સરોવર (CHPH)માંથી ઓગસ્ટ મહિનામાં કુલ ૮૯૧ રેં વીજ ઉત્પાદન થયુ છે. રાજ્યના અન્ય હાઇડ્રો પાવર પ્લાન્ટમાંથી પણ નોંધપાત્ર વધારા સાથે વીજ ઉત્પાદન થયુ છે.

રાજ્યમાં ૨૦૧૯થી ૨૦૨૪ સુધીમાં સરેરાશ હાઇડ્રો પાવર ઉત્પાદન ૪૬૦૦ MU થયુ છે. જેમાં ઉકાઈ, કડાણા, પાનમ અને સરદારસરોવર ડેમમાંથી છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ ૪૬૦૦ MU જેટલું ઉત્પાદન જોવા મળ્યું છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યનું કુલ હાઇડ્રો પાવર ઉત્પાદન ૬૧૭૦.૪૫૬ MU થયુ હતું, જે વર્ષ ૨૦૨૧-૨૨ના ૨૬૨૯.૦૫૯ MUની સરખામણીએ ૧૩૪ ટકા વધુછે. વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યનું કુલ હાઇડ્રો પાવર ઉત્પાદન ૪૫૮૪.૯૩૨ MU રહ્યું છે. રાજ્યમાં પુનઃપ્રાપ્ય ઊર્જાના વિકાસ માટે પ્રોત્સાહનો પ્રદાન કરતી નવીનીકરણીય ઊર્જા અંગેની નીતિઓ બહાર પાડનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.

## ડુંગળી-બટાકા બાદ કોથમીર અને લીલા મરચાંના ભાવ પણ આસમાને

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૯: છેલ્લા એક મહિનાથી શાકભાજી અને કઠોળના ભાવો સતત વધી રહ્યા છે. લસણનો ભાવ રૂ. ૪૦૦ પ્રતિ કિગ્રાને પાર થયો છે. આ મોંઘવારીના કારણે ધીમે-ધીમે રસોડામાંથી જરૂરી ચીજો ગુમ થઈ રહી છે. પહેલાં ડુંગળી, બટાકા, ટામેટાં અને હવે લસણ. આ સિવાય એક સમયે શાકની લારી પર ફ્રીમાં મળતાં લીલા મરચા અને ધાણાંના ભાવ રૂ. ૧૦૦ની સપાટી વટાવી ગયા છે. લીલા મરચાં પણ રૂ. ૧૨૦ પ્રતિ કિગ્રાના ભાવે વેચાઈ રહ્યા છે. લસણના ભાવમાં અનેકગણો વધારો થતાં ગૃહિણીઓ માટે લસણની ખરીદી કરવી મુશ્કેલ બની છે, શ્રમજીવી વર્ગ કોરો રોટલો ખાવા મજબૂર બન્યા છે. જે મોટાભાગે રોટલા સાથે લસણ-લાલ મરચાંની ચટણી ખાતો હતો. રિટેલ માર્કેટમાં લસણના ભાવ આસમાને પહોંચતાં બજારમાં તેની માગ ઘટી છે.

લસણ ઉપરાંત ૨૦ રૂપિયે કિલો મળતા બટાકાની કિંમત રૂ. ૫૦-૬૦ પ્રતિ કિગ્રા થઈ છે. ડુંગળી પણ તેટલી જ કિંમતે વેચાઈ રહી છે. બીજી તરફ ગવાર, તુવેર, રીંગણ, ચોળી, ફુલાવર સહિતના લીલા શાકભાજીના ભાવ પણ બમણાં થયા છે.

છેલ્લા બે-ત્રણ વર્ષથી લસણના ભાવ સતત વધી રહ્યા છે. જેના કારણે બજારમાં માગ જોવા મળી રહી નથી. લસણની ઓછી માગના કારણે તેમજ હવામાનની અસર, પાકના ખર્ચ સામે યોગ્ય વળતર ન મળવા જેવા અનેક કારણોના કારણે ખેડૂતો લસણની ખેતીમાંથી ડાયવર્ટ થયા છે. શાકભાજીનો છૂટક વેપાર કરતાં કોઠારાના પ્રકાશભાઈએ જણાવ્યું હતુ કે, વર્ષમાં લસણનો ભાવ પ્રતિ ૨૦ કિલોએ ૪૫૦૦થી ૫૫૦૦ રૂપિયા જેટલો વધ્યો છે. જેથી છૂટક બજારમાં ૪૦૦ રૂપિયા સુધીના ભાવે વેચાણ થઈ રહ્યું છે.

◉ વલસાડ
◉ ડુંગરી
◉ ગુંદલાવ
◉ અતુલ

વલસાડ તાલુકા વિશેષ

Tuesday 10, September 2024

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ ફોન-ફેક્સઃ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦


# વલસાડનાં વિવિધ મંડળોની સ્થાપિત શ્રીજીની પ્રતિમાઓ


વલસાડ પાલીહિલ રોડ


અગિયારી સ્ટ્રીટ યુવક મંડળ


હનુમાન ભાગડા તિરંગા ચોક


સાર્વજનિક ગણેશ મહોત્સવ તેપાર કોસંબા


ઓમ રેસિડેન્સી કૈલાસ રોડ


તિરંગા ચોક હનુમાન ભાગડા


મોટા પારસીવાડ યુવક મિત્ર મંડળ


સાર્વજનિક વિજય મંડળ મોગરાવાડી

## સતત ત્રણ વર્ષ સુધી જાહેરનામું પડ્યા બાદ

# આ વર્ષે પણ જિલ્લામાં નવ ફૂટની મૂર્તિ સ્થાપના થઈ

છેલ્લા ત્રણ વર્ષથી ગણપતિ બાપાની નવ ફૂટ ઊંચી મૂર્તિ ની સ્થાપના કરવા માટે જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરનામુ બહાર પાડવા છતાં વલસાડમાં કેટલાક મોટા મંડળ દ્વારા ૯ ફૂટના બદલે ૧૦ ફૂટ લઈને ૨૩ ફૂટ સુધીની ગણપતિ બાપાની મૂર્તિની લાવવામાં આવતી હતી. મોટી મૂર્તિઓ બનાવનારા મૂર્તિકારણ ત્યાં પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરાયા બાદ તેઓ પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવતા ચાલુ વર્ષે બાપાની મૂર્તિ માત્ર ૯ ફૂટની મૂર્તિની મોટા ગણેશ મંડળો દ્વારા સ્થાપના કરવામાં આવી હતી.

વલસાડ જિલ્લામાં મોટા મોટા મંડળો દ્વારા દાતાઓ કંપનીઓ કે અન્ય ભક્તો પર ગણેશ ચતુર્થી માં લાખો રૂપિયાનો ફાળો ઉઘરાવતા હોય છે. જોકે હાલના આધુનિક જમાનામાં મોંઘવારી હોવા તેમ છતાં મંડળો એકબીજાની ચડાચડીમાં ૧૦ ફૂટથી મૂર્તિ લઈ ૨૩ ફૂટ ઊંચાઈ ધરાવતી મૂર્તિઓની સ્થાપના કરતા હોય છે અને રંગબેરંગી લાઈટો મંડપોની સજાવટ લોકોના પૈસે કરતા હોય છે. જોકે આ ગણપતિ બાપા ની મૂર્તિનું અનંત ચૌદસના વિસર્જનના દિવસે વલસાડ શહેરના સાંકડા રોડ પરથી મોટી મોટી મૂર્તિઓ લઈ જતી વખતે આયોજકોની સાથે પોલીસોને પણ ભારે તકલીફો પડતી હોય છે. જોકે આ અનંત ચૌદસ નું વિસર્જન બીજા દિવસે સવાર સુધી ચાલતું હોય છે. ગણપતિ બાપા ની મોટી મૂર્તિઓ ની ઊંચાઈ મર્યાદામાં રાખવા માટે સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી પ્રયત્નો કરવામાં આવી રહ્યા હતા. જોકે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા મકરસંક્રાંતિ, ધુળેટી, જન્માષ્ટમી, ગણપતિ,


વલસાડનો પત્ર
કમલેશ હરિયાવાલા, વલસાડ

નવરાત્રી દિવાળી જેવા તહેવારો આવતાની સાથે જ વલસાડમાં જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા કેટલાક પરિપત્રો અને જાહેરનામાઓ બહાર પાડી સમય અને ઉજવણી બાબતે નિયમોનું પાલન કરવા માટે પરિપત્ર મારફતે જાણ કરતા હોય છે.

વલસાડ જિલ્લામાં મોટા મોટા મંડળ દ્વારા મોટી મોટી મૂર્તિઓ ની સ્થાપના કરતા હોય છે. જેને નહીં વલસાડ જિલ્લા કલેક્ટર દ્વારા ગણપતિ બાપાની મૂર્તિ નવ ફૂટ જેટલી ઊંચાઈ ધરાવતી મૂર્તિની સ્થાપના કરવા અંગે જાહેરનામું બહાર પાડ્યું છે અને નવ ફૂટ થી ઊંચી મૂર્તિ હોય તો તેની સામે એ મૂર્તિ વેચનારા ઉપર જાહેરનામાનો ભંગ બદલ પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી. ગણપતિ બાપાની મૂર્તિની ઊંચાઈ અંગે અગાઉ વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે હાલમાં જ ગણપતિ બાપાની મૂર્તિની ઊંચાઈના મામલે રાજ્યના ગૃહ મંત્રીને લેખિતમાં રજૂઆત કરી હતી. જિલ્લા કલેક્ટર દ્વારા વધારે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં મોટી મૂર્તિ લાવવામાં આવી હતી. જોકે જિલ્લા કલેક્ટર અને પોલીસ તંત્ર દ્વારા મૂર્તિ બનાવનારા મૂર્તિકારોને ત્યાં પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરાય તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. લગભગ ત્રણ વર્ષ સુધી વલસાડ જિલ્લા કલેક્ટર દ્વારા ગણપતિ બાપાની મૂર્તિની ૯ ફૂટ ઊંચાઈ અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જેનો અમલ કડક કરવાની ચીમકી આપતા વલસાડ જિલ્લામાં ચાલતા મોટા મંડળ દ્વારા આ વર્ષે થી ગણપતિ બાપાની મૂર્તિ નવ ફૂટ ઊંચાઈ ધરાવતી મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે.

# વલસાડની રંગ ઉપવન શોપિંગ સેન્ટરની છતમાંથી પોપડા ખરી પડ્યા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૯ :** આશરે ત્રણ દાયકા અગાઉ વલસાડ નગર પાલિકા દ્વારા વલસાડ એસટી ડેપો સામે રંગ ઉપવન શોપિંગ સેન્ટર બનાવવામાં આવ્યું હતું. આ શોપિંગ સેન્ટર માં ૨૦ જેટલી દુકાનો આવેલી છે શોપિંગ સેન્ટરની છત ઉપર થી પોપડા ખરી પડતા જે અંગે પાલિકામાં વારંવાર રજૂઆત કરવા તેમ છતાં રીપેરીંગ કામ નહીં કરતા દુકાનદારોમાં નારાજગી જોવા મળી રહી છે. જોકે આ શોપિંગ સેન્ટરની ઉપર કરોડોના ખર્ચે મોરારજી દેસાઈ ઓડિટોરિયમ હોલ અને મ્યુઝિયમ પણ બનાવવામાં આવેલુ છે.

વલસાડ નગરપાલિકા દ્વારા આશરે ત્રણ દાયકા ગામ વલસાડ એસટી ડેપો ની સામે રંગ ઉપવન નામની શોપિંગ સેન્ટર બનાવવામાં આવી હતી. આ શોપિંગ સેન્ટરમાં ૨૦ જેટલી દુકાનો આવેલી છે. જે બાદ નગરપાલિકા દ્વારા આ શોપિંગ સેન્ટરની ઉપર કરોડો રૂપિયાના ખર્ચે મોરારજી દેસાઈ ઓડિટોરિયમ હોલ અને મ્યુઝિયમ પણ બનાવવામાં આવ્યું છે. નગરપાલિકા દ્વારા રંગ ઉપવન શોપિંગ સેન્ટરની ગેલેરીમાં છતમાંથી પોપડા ખરી પડી રહ્યા છે. જોકે જે અંગે નગરપાલિકામાં અવારનવાર રજૂઆત કરવા તેમ છતાં પાલિકાએ રીપેરીંગ બાબતે કોઈપણ જાતનું ધ્યાન આપ્યો નથી. જેના કારણે ઓપન શોપિંગ સેન્ટરમાં દુકાનદારોમાં નારાજગી જોવા મળી રહી છે.

# વલસાડમાં દોઢ અને અઢી દિવસના શ્રીજીનું વિસર્જન કરાયું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૯ :** વલસાડ શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા મંડળો ઘરોમાં બાપાની મૂર્તિનું ભક્તિ ભાવ સાથે સ્થાપના કર્યા બાદ દોઢ અને અઢી દિવસે બાપાની મૂર્તિનું અબીલ ગુલાલની છોળે અને ઢોલ નગારા ડીજે સાથે વિસર્જન યાત્રા નીકળી નદી તળાવ અને દરિયામાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

મહારાષ્ટ્રની સાથે ગુજરાત રાજ્યમાં પણ ગણેશ મહોત્સવની ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવે છે ત્યારે વલસાડ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા નાના મોટા મંડળો દ્વારા અનંત ચૌદસના દિવસે ગણપતિ બાપા ની મૂર્તિનો આગમન વાજતે ગાજતે કરવામાં આવ્યું હતું. નાના મોટા મંડળ દ્વારા પંડાલમાં રંગબેરંગી લાઈટો અને વિવિધ ડેકોરેશન કરી સજાવટ કરવામાં આવી હતી. બાપાની મૂર્તિને બ્રાહ્મણોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે સ્થાપના કરી અને બાપાને સવાર સાંજ આરતી, થાળ ધરાવામાં આવ્યો હતો. ગણપતિ બાપાની સ્થાપના બાદ સત્યનારાયણ ભગવાનની કથા અને રાત્રે ભજનોની રમઝટ પણ ચાલી હતી. વલસાડ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં આવેલા ઘરોમાં સ્થાપન કરાયેલા ગણપતિ બાપાની મૂર્તિનું દોઢ અને અઢી દિવસે અબીલ ગુલાલને છોળે ડીજે અને ઢોલ નગારા સાથે બાપાની મૂર્તિનું ભીની આંખે તળાવ નદી કે દરિયામાં વિસર્જન કરવામાં આવ્યું હતું. વલસાડ શહેરની ઔરંગા અને વાંકી નદીમાં પણ વિસર્જન કરવામાં આવ્યું હતું. જોકે પાલિકા વિભાગ દ્વારા વિસર્જન માટે ફાયર બ્રિગેડની ટીમ રાખવામાં આવી હતી.

# વલસાડ કેરી માર્કેટની ગંદકી દૂર કરવા વેપારી, દુકાનદારોની માંગણી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૯ :** વલસાડ શહેરના બેચર રોડ પર આવેલી કેરી માર્કેટમાં આવેલા પે એન્ડ યુઝ શૌચાલય પાસે માર્કેટની અંદર છેલ્લા કેટલાક દિવસોથી ગંદકી જોવા મળી રહી છે. હાલમાં ચોમાસાની સીઝન ચાલતી હોય સાફ-સફાઈ નહીં થાય તો રોગચાળો ફાટી દહેશત ઉઠી છે જેથી એપીએમસી માર્કેટની ગંદકીની તાત્કાલિક સફાઈ કરાવે એવી દુકાનદારો વેપારીઓની માંગણી છે.

વલસાડ શહેરમાં બેચર રોડ પર ઉત્પન્ન ખેતીવાડી બજાર સમિતિ ( એપીએમસી માર્કેટ) આવેલી છે. માર્કેટમાં સૌથી વધુ દુકાનો અંદરના ભાગે આવેલી છે. કેરી માર્કેટમાં માર્કેટમાં કેરી, ચીકુ, પપૈયા, સફરજન સહિતના ફળ-ફળાદી વિસ્તાર હોય છે. હાલમાં કેરીની સીઝન નહીં હોવાથી કેરી માર્કેટમાં આવેલી મોટાભાગની દુકાનો બંધ છે. ત્યારે વલસાડ કેરી માર્કેટ માં આવેલ પી એન્ડ યુઝ શૌચાલય તથા માર્કેટ ના અંદરના ભાગે ગંદકી અને કચરાના ઢગલાઓ એમ પડી રહેલા જોવા મળે છે. શહેરમાંથી રખડતા ઢોરો કેરી માર્કેટમાં આવી દુકાન આગળ અસહ્ય ગંદકી કરતા હોય છે. હાલમાં ચોમાસાની સિઝન ચાલી રહી છે. ત્યારે કેરી માર્કેટની ગંદકીને કારણે મચ્છર અને માખીનો ઉપદ્રવ વધી રહ્યા છે. આ ગંદકીને કારણે રોગચાળો ફાટી નીકળવાની દહેશત ઉઠી છે. એપીએમસી માર્કેટની ગંદકીની તાત્કાલિક સફાઈ કરાવે એવી દુકાનદારો વેપારીઓની માંગણી છે.

# વશીયરથી ચણવાઈ હાઈવે સુધીના રોડની સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા વાહન ચાલકો પરેશાન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૯ :** વલસાડ થી અતુલ સુધી જતા મુખ્ય રસ્તા પર વશિયરથી લઈ પારનેરા પારડી ચણવાઈ હાઈવે સુધીના રોડ પર રસ્તાની વચ્ચે લગાવવામાં આવેલી સ્ટ્રીટ લાઈટો બંધ હોવાના કારણે રોડની વચ્ચે બેઠેલા રખડતા ઢોરો સાથે તેમજ બિસ્માર બનેલા રોડ થી વાહન ચાલકોને અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો છે. આ બંધ રહેલી સ્ટ્રીટ લાઈટો તાત્કાલિક ચાલુ કરે એવી વાહન ચાલકોની માંગણી છે.

વલસાડ નજીકના વશીયર ગામેથી પારનેરા ચણવાઈ સુધી જતો મુખ્ય રસ્તા આવેલો છે. વલસાડથી ચણવાઈ હાઈવે રોડ હોવાથી રાત દિવસ વહનો ની અવરજવર રહે છે. થોડા વર્ષ અગાઉ વશિયર, પારનેરા પારડી, પારનેરા ગામના મુખ્ય રસ્તા પર સ્ટ્રીટ લાઈટ રસ્તાની વચ્ચોવચ લગાવવામાં આવી હતી. સ્ટ્રીટ લાઈટો થોડા દિવસો ચાલુ રહેતા વાહન ચાલકો રાહદારીઓ અને ગ્રામ્ય વિસ્તારના લોકોને મોટી રાહત મળી હતી. રાત્રે પણ આ સ્ટ્રીટ લાઈટના અજવાળે લોકોની અવરજવર કરતા હતા પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી વલસાડ નજીકના વશિયર ગામથી લઈ પારનેરા પારડી પારનેરા ચણવાઈ હાઈવે સુધી રોડની વચ્ચે લગાવવામાં આવેલી સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં છે. હાલમાં ચોમાસાની સિઝન ચાલી રહી છે અને વલસાડ થી અતુલ જતા રસ્તો બીસ્માર બન્યો છે તો બીજી તરફ રખડતા ઢોરો વલસાડ અતુલ તરફ જતા રસ્તા પર વચ્ચે બેસી જતા હોય છે. સ્ટ્રીટ લાઈટ બંધ હોવાથી રોડ પર બેસેલા ઢોરો નહીં દેખાતા અકસ્માતો થવાનો ભય ર૭ રહ્યો છે. જેથી વલસાડના પારનેરા પારડી થી પારનેરા ચણવાઈ સુધીના રસ્તા પર બંધ પડેલી સ્ટ્રીટ લાઈટો તાત્કાલિક ચાલુ કરે એવી વાહન ચાલકોની માંગણી છે.

# વલસાડના હોકી ખેલાડીની ગુજરાતની ટીમમાં પસંદગી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૯ :** વલસાડ જિલ્લાનો હોકી રમતનો ખેલાડી કરણ હરીશભાઈ રાઠોડ કે જે જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા પારડીમાં અભ્યાસ કરે છે. જેની હોકી ગુજરાતની જુનિયર ટીમમાં પસંદગી થઈ છે તે હવે 14th હોકી ઈન્ડિયા જુનિયર (ભાઈઓ) નેશનલ ચેમ્પિયનશિપમાં તારીખ ૯ સપ્ટેમ્બર ૨૦૨૪ થી તારીખ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી જલંધર , પંજાબ મુકામે ભાગ લેવા માટે જશે તે બદલ હોકી વલસાડના મુખ તે બદલ હોકી વલસાડના પ્રમુખ પ્રા. મહેશભાઈ બી. પટેલ, ઉપપ્રમુખ પ્રા. જીતેન્દ્રકુમાર એમ. ટંડેલ, મંત્રી ડો.ભાવિનકુમાર એમ. પટેલ, તેમજ હોકી વલસાડના કારોબારી સભ્યોએ કરણ રાઠોડને અભિનંદન પાઠવી, નેશનલ સ્પર્ધામાં સારું પ્રદર્શન કરી હોકી વલસાડ અને હોકી ગુજરાતનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## આણંદમાં રમાયેલી ૧૪મી NSKA સ્ટેટ કરાટે ચેમ્પયનશિપમમાં

# વલસાડ જિલ્લાના ૧૯ કરાટેવીરોએ ૧૯ મેડલ મેળવ્યા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૯ :** આણંદ યુગપુરુષ સ્વામી વિવેકનંદ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ માં બે દિવસ રમાયેલી ૧૪મી NSKA સ્ટેટ કરાટે ચેમ્પયનશિપ માં વલસાડ જિલ્લા દ્વારા NSKA ગુજરાતના પ્રમુખ શિહાન વિગ્નેશ પટેલ અને જનરલ સેક્રેટરી શિહાન હિતેશ પટેલ, સેન્સઈ પૂર્વાંગ પટેલ, સેન્સઈ કેવિન પટેલ તથા સેમ્પાઈ ચેતન પટેલ અને સેમ્પાઇ યુગ પટેલ ના માર્ગદર્શન હેઠળ તાલીમ લેતા ૧૯ કરાટેવિરો ભાગ લઈ કરાટેકાઓએ ૧ ગોલ્ડ મેડલ, ૫ સિલ્વર મેડલ તથા ૧૩ બ્રોન્ઝ મેડલ મેળવી વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યું છે. ગુજરાત રાજ્યમાંથી ૮૦૦થી વધુ કરાટેકાઓ એ ભાગ લીધો હતો. આણંદ યુગપુરુષ સ્વામી વિવેકનંદ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ માં બે દિવસ રમાયેલી ૧૪મી NSKA સ્ટેટ કરાટે ચેમ્પયનશિપમ ગુજરાતના વિવિધ સ્થળે થી આવેલા ૮૦૦ થી વધુ કરાટેકાઓએ ભાગ લીધો હતો. જેમાં વલસાડ જિલ્લા તરફથી NSKA ગુજરાતના પ્રમુખ શિહાન વિગ્નેશ પટેલ અને જનરલ સેક્રેટરી શિહાન હિતેશ પટેલ, સેન્સઈ પૂર્વાંગ પટેલ, સેન્સઈ કેવિન પટેલ તથા સેમ્પાઈ ચેતન પટેલ અને સેમ્પાઇ યુગ પટેલ ના માર્ગદર્શન હેઠળ તાલીમ લેતા ૧૯ કરાટેવિરો ભાગ લીધો હતો અને કરાટેકાઓએ સોથી સારુ પ્રદર્શન કરી ૧ ગોલ્ડ મેડલ, ૫ સિલ્વર મેડલ તથા ૧૩ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા હતાં. જેમાં ક્રિશિવ ધનશુકભાઈ પટેલ ગોલ્ડ મેડલ ડીયાંશ નાદપરા સિલ્વર મેડલ,જય એસ. પટેલ સિલ્વર મેડલ,અથર્વ પરીક સિલ્વર મેડલ, પાયલ યાદવ સિલ્વર મેડલ રાગ વિચારે સિલ્વર મેડલ,ક્રિશિવ આર. પટેલ બ્રોન્ઝ મેડલ, હેત એસ. પટેલ બ્રોન્ઝ મેડલ, રિધમ પટેલ બ્રોન્ઝ મેડલ હર્શિકા મોર્ય બ્રોન્ઝ મેડલ, નિવા પટેલ બ્રોન્ઝ મેડલ, જયમાલા પટેલ બ્રોન્ઝ મેડલ, હૃદયા જોશી બ્રોન્ઝ મેડલ, આર્યન હિરવાની બ્રોન્ઝ મેડલ, સગનિક પટી બ્રોન્ઝ મેડલ, રેક્સ જોગી બ્રોન્ઝ મેડલ, હીહાન હિરેન મોદી બ્રોન્ઝ મેડલ (કતા ઈવેન્ટ) બ્રોન્ઝ મેડલ (કુમિતે ઈવેન્ટ)જયેશા પટેલ બ્રોન્ઝ મેડલ, તૃષ્ટી મકવાણા બ્રોન્ઝ મેડલ કરાટેવિરો એ રાજ્ય કક્ષાએ મેડલ્સ જીતી વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યું છે.હેંસી કલ્પેશ મકવાણા (પ્રમુખ એન. એસ. કે. એ. કે. ડી. એફ.) જેઓએ વિનરઓને મેડલ અને સર્ટિફિકેટ આપી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.


'દમણગંગા ટાઈમ્સ'
દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે વેબસાઈટ
www.damangangatimes.com
ની મુલાકાત લો.


# હરિયા ગામે સર્વોદય મંડળ દ્વારા વાજતે ગાજતે શ્રીજીનું વિસર્જન કરાયું





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૯ :** અતુલ નજીકના હરિયા ગામમાં હરિયા સર્વોદય મંડળ દ્વારા ગણપતિ બાપા ની મૂર્તિ ની સ્થાપના બાદ બપોરે સત્યનારાયણ કથા, મહાપ્રસાદ અને સાંજે નારી શક્તિ ગ્રુપ દ્વારા ૫૬ ભોગ બાપાને ધરાયો અને રાત્રે ભજનની રંગત જામી હતી . બાપાની મૂર્તિનું વાજતે ગાજતે અબીલ ગુલાલની છોળે ગામ તળાવમાં સાંજે ભારે હૃદયે વિદાય આપી હતી.

અતુલ નજીકના હરિયા ગામે આવેલા સર્વોદયવાડીમાં વર્ષોથી હરિયા સર્વોદય મંડળ ચાલે છે. ગણેશ ચતુર્થીના દિવસે હરિયા સર્વોદય મંડળ દ્વારા ગણપતિ બાપાની મૂર્તિનું બ્રાહ્મણ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ભક્તિ ભાવ સાથે સ્થાપના કરવામાં આવી હતી. બપોરે ભગવાન શ્રી સત્યનારાયણ કથાઅને મહાપ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો. તો સાંજે બાપાને નારી શક્તિ ગ્રુપ દ્વારા ૫૬ ભોગ ધરાવામાં આવ્યો હતો. અબીલ ગુલાલની છોળે ડીજે ના સાઉન્ડ ઉપર વાજતે ગાજતે વિસર્જન યાત્રા નીકળતા ગામમાં ભક્તિનું વાતાવરણ જોવા મળ્યું હતું. બાપાની મૂર્તિનું ગામ તળાવમાં ભારે હદયે વિદાય આપી હતી.

## નાની ચણવાઈની માઁ ભવાની મિત્ર મંડળના યુવાનો દ્વારા

# પાર નદીમાં દસ દિવસ સુધી નિ:શુલ્ક વિસર્જન સેવા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૯ :** અતુલ નજીક આવેલ નાનીચણવાઇ ગામે માઁ ભવાની મિત્ર મંડળ નાની ચણવાઇના યુવાનો દ્વારા અતુલની પાર નદીમાં ગણપતિ વિસર્જનમાં આવતી મૂર્તિઓનુ દસ દિવસ સુધી નિ:શુલ્ક વિસર્જન કરી સેવા આપે છે.

ગણેશ ચતુર્થીના દિવસે વલસાડ શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં ગણપતિ બાપા ની મૂર્તિ ની સ્થાપના કરવામાં આવતી હોય છે. બાપાને ભક્તો દ્વારા દરરોજ સવાર બપોર સાંજ થાળ આરતી મહાપ્રસાદ ભજન કીર્તન પણ કરે છે અને બાપા નો દોઢ અઢી પાંચ સાત નવ કે ૧૦ માં દિવસે વાજતે ગાજતે વિસર્જન કરવામાં આવતું હોય છે. ક્યારે આતો નજીકના નાનીચણવાઈ ગામે ચાલતી માઁ ભવાની મિત્ર મંડળ નાની ચણવાઈ ગામના યુવાનો દ્વારા પાર નદીમાં બાપાની વિસર્જન કરવામાં આવતી મૂર્તિઓનુ દસ દિવસ સુધી નિ:શુલ્ક વિસર્જન કરતા હોય છે. આમ માઁ ભવાની મિત્ર મંડળ છેલ્લા કેટલાક વર્ષોથી ખડે પગે સેવા આપે છે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Tuesday 10, September 2024


## ભારતીય સ્ટુડન્ટ્સ માટે કેનેડામાં મુશ્કેલી વધશે!

કેનેડા દર વર્ષે ૫ લાખ આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ્સને બોલાવે છે. આ સ્ટુડન્ટ્સ કેનેડાને દર વર્ષે અબજો રૂપિયાની કમાણી કરી આપે છે. ત્યાંની કોલેજો અને યુનિવર્સીટીઓ આંતરાષ્ટ્રીય સ્ટુડન્ટ્સ પાસેથી ખુબ ઉંચી ફી વસુલે છે. ને બદલામા યુનિવર્સીટી કે સરકાર આ સ્ટુડન્ટ્સને કોઈ સવલતો આપતી ન હોવાની ફરિયાદની સંખ્યા વધતી જાય છે. તેવા આ આકરા સમયમાં કેનેડામાં આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ્સની મુશ્કેલીઓમાં વધારો થાય તેવો નવો કાયદો ૧ સપ્ટેમ્બરથી કેનેડાએ લાગુ કર્યો છે. આ કાયદા અનુસાર કેનેડા ભણવા આવતાં સ્ટુડન્ટ્સને અઠવાડિયે ફક્ત ૨૪ કલાક કામ કરવાની છૂટ આપવામાં આવી છે. આથી લાખો ભારતીય સ્ટુડન્ટ્સની તકલીફમાં વધારો થશે. મોંઘવારી, મકાનોના મોંઘા ભાડાં અને કોલેજો/ યુનિવર્સીટીઓની ઉંચી ફીને પહોંચી વળવું ખૂબ મુશ્કેલ થશે. ભારતમાં રહેતાં એમના મા-બાપ પર વધુ બોજ વધશે એવી નવી મોટી ચિંતા ઉભી થઈ છે. આ પહેલાં કેનેડાએ સ્ટુડન્ટ્સને મળતી પોસ્ટ ગ્રેજ્યુએટ વર્ક પરમીટની મુદત વધારવાની ના પાડી છે. સરકાર સંદેશો આપી રહી છે કે તમે અમારે ત્યાં શિક્ષણ માટે આવ્યા છો તો શિક્ષણ પૂરું થયા બાદ ફરી તમારા દેશ પાછા જાઓ. કેનેડામાં હજારો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને દેશનિકાલનો સામનો કરવાનો વારો આવ્યો છે. સમગ્ર કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ દેશનિકાલની નીતિ સામે વિરોધ પ્રદર્શનનું આયોજન કરી રહ્યા છે. ભારતીય વિદ્યાર્થીઓના એક જૂથે પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડમાં વિધાનસભાની બહાર છાવણીઓ ગોઠવી છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ કહે છે કે તેઓ ગંભીર પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે કારણ કે કાયમી રહેઠાણના નોમિનેશનમાં ૨૫ ટકાના ઘટાડા માટે નવી પ્રાંતીય નીતિઓએ ઘણાને અણધારી રીતે દેશનિકાલ માટે જોખમમાં મૂક્યા છે. ઓન્ટારિયો, મેનિટોબા અને બ્રિટિશ કોલંબિયામાં સમાન દ્રશ્યો જોઈ શકાય છે. સેંકડો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને ઈમિગ્રન્ટ કામદારોએ તાજેતરના મહિનાઓમાં સમગ્ર બ્રેમ્પટનમાં રેલીઓ યોજી છે. ૭૦,૦૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી સ્નાતકો કેનેડા સરકારની નીતિના ફેરફારોને કારણે દેશનિકાલનો સામનો કરી શકે છે; જે વિદ્યાર્થીઓ નવા જીવનના સપના સાથે કેનેડામાં આવ્યા છે. બીજી તરફથી એવી પણ માહિતી આવી રહી છે કે, કેનેડામાં અમુક સંસ્થાઓ આ સ્ટુડન્ટ્સને પીઆર અને સિટિઝનશિપ આપવાનો સખત વિરોધ કરે છે. એમનું કહેવું છે કે કેનેડા ગોરાઓનો દેશ છે. પરંતુ હવે મૂળ નિવાસી અલ્પસંખ્યામાં આવી ગયા છે. કેનેડા/ યુકે / ઓસ્ટ્રલિયા/ ન્યૂઝીલેન્ડ સરકારોએ એક સરખી પોલીસી અમલમાં મૂકી છે, એટલે ભારતીય વિદ્યાર્થીઓ માટે મુશ્કેલીઓના પહાડ ઊભા થયાં છે. એ સંજોગોમાં સરકાર પોતાના તરફથી આગળ આવી વિદેશમાં વસતા ભારતીયોની પરિસ્થિતિ વિશે સાચી સ્થિતિ સ્પષ્ટ કરવી જોઈએ. ખાસ કરીને સ્ટુડન્ટ અને વાલીઓની ચિંતા ઓછી કરવી જોઈએ. કેમ કે પાછલાં ૫ વરસમાં નવી આઈઆઈએમ કે આઈઆઈટી ખોલવામાં આવી નથી. દેશમાં કુલ ૧૧૯૪ યુનિવર્સિટી છે, ૩૦૬ યુનિવર્સિટીઓ ૨૦૧૪ પછી બની. તેમાંથી ૧૩૫ યુનિવર્સિટી સરકારી હોય તો ૫૫ુ ખાનગી યુનિવર્સિટીઓ છે! દેશમાં કુલ ૪૯,૦૮૩ કોલેજો છે તેમાં ૩૮,૧૨૦ એટલે કે ૭૭ ટકા ખાનગી કોલેજો છે. કુલ ૧૪,૯૩૮ છે, તેમાંથી ૧૧,૬૮૫ એટલે કે ૭૮ ટકા ખાનગી છે ! ત્યારે ચિંતા એ છે કે, ભારતમાં શિક્ષણ ઓછા ખર્ચે મળતું થાય તો વિદ્યાર્થીઓ બાંગ્લાદેશ, યુક્રેન, કેનેડા વગેરે દેશોમાં જતાં ઓછા થાય એવી નીતિ બનતી નથી. સામે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કહે છે કે, દરરોજ, દરેક પળે, દરેક મિનિટે દેશ બદલાઈ રહ્યો છે. ભારતમાં દરરોજ ૨ કોલેજો ખૂલી રહી છે. દર અઠવાડિએ ૧ યુનિવર્સિટી ખૂલી રહી છે. દરરોજ ૩૭ નવા સ્ટાર્ટઅપ શરુ થઈ રહ્યા છે. દરેક સેકન્ડે નળથી જળ કનેક્શન અપાય છે. દરરોજ ૭૫,૦૦૦ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં આવે છે. આપણે ગરીબી હટાઓના સૂત્રો સાંભળ્યા હતા. કોઈએ વિચાર્યુ ન હતું કે ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર નિકળી જશે ! પણ અમારી સરકારે આ કરી બતાવ્યું.

### જંગી માત્રામાં હથિયારો મળી આવ્યા

## રાજૌરીમાં ઘૂસણખોરી કરવા જતાં બે આતંકવાદીઓ ઠાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

જમ્મુ-કાશ્મીર, તા.૯: ભારતીય સૈનિકોએ જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના વધુ એક પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. જવાનોએ ઘૂસણખોરી કરી રહેલા બે આતંકવાદીઓને ઠાર કર્યા છે. ભારતીય સૈનિકોએ જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના વધુ એક પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. જવાનોએ ઘૂસણખોરી કરી રહેલા બે આતંકવાદીઓને ઠાર કર્યા છે. માહિતી અનુસાર, ગુપ્તચર એજન્સીઓ અને જમ્મુ-કાશ્મીર પોલીસને ઘૂસણખોરી અંગેના ઈનપુટ મળ્યા હતા, જેના પછી એલઓસી પર એલર્ટ કરવામાં આવ્યું હતું.આતંકીઓ પાસેથી મોટી સંખ્યામાં હથિયારો મળી આવ્યા છે. અત્યાર સુધીમાં બે એકે-૪૭ રાઈફલ અને એક પિસ્તોલ મળી આવી છે. વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે.તમને જણાવી દઈએ કે જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. આ પહેલા ૩૦ ઓગસ્ટે પણ ભારતીય સેનાના જવાનોએ ચૂંટણી પહેલા એક મોટા આતંકવાદી ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું હતું. આ દરમિયાન સુરક્ષા દળોએ સ્પેશિયલ ઓપરેશન હાથ ધરીને ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા ૩ આતંકીઓને ઠાર કર્યા હતા.તમને જણાવી દઈએ કે કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા બાદ જમ્મુ અને કાશ્મીરમાં પહેલીવાર વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. ચૂંટણી પંચે રાજ્યની ૯૦ વિધાનસભા બેઠકો પર મતદાન માટે ચૂંટણીની તારીખોની જાહેરાત કરી છે. જમ્મુ અને કાશ્મીરના લોકો ૧૮ સપ્ટેમ્બર, ૨૫ સપ્ટેમ્બર અને ૧ ઓક્ટોબરે તેમની સરકારને પાંચ વર્ષ માટે પસંદ કરવા માટે મતદાન કરશે. સુરક્ષા સંવેદનશીલ કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી ત્રણ તબક્કામાં યોજાશે. વિધાનસભા ચૂંટણીના પરિણામો ૪ ઓક્ટોબરે આવશે. પ્રથમ તબક્કામાં ૨૪ બેઠકો પર, બીજા તબક્કામાં ૨૬ બેઠકો અને ત્રીજા તબક્કામાં ૪૦ બેઠકો પર મતદાન થવાનું છે.

## અબુ ધાબીના રાજકુમાર અને મોદી વચ્ચે બેઠક યોજાઈ

### ક્રાઉન પ્રિન્સ તરીકે આ પહેલી ભારત મુલાકાત છે : સાથે મંત્રીઓ અને એક વ્યાપાર પ્રતિનિધિમંડળ પણ આવ્યું છે



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૯: વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને હૈદરાબાદ હાઉસમાં બેઠક કરી હતી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા X પર એક પોસ્ટ કરી છે તેમાં લખ્યું છે, "એક નજીકના મિત્રનું ઉષ્માભર્યું સ્વાગત. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાનનું હૈદરાબાદ હાઉસમાં સ્વાગત કર્યું."

અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સત્તાવાર રીતે ભારતની મુલાકાતે આવ્યા છે. ક્રાઉન પ્રિન્સ તરીકે આ તેમની આ પહેલી ભારત મુલાકાત છે. ક્રાઉન પ્રિન્સ સાથે UAE સરકારના અનેક મંત્રીઓ અને એક વ્યાપાર પ્રતિનિધિમંડળ પણ આવ્યું છે.

ક્રાઉન પ્રિન્સ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળવાનો પણ કાર્યક્રમા બનાવી રહ્યા છે. એક બિઝનેસ ફોરમમાં ભાગ લેવા માટે તેઓ મંગળવારે મુંબઈ પણ જવાના છે. હાલમાં ભારત અનેંછઈ વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી રાજકારણ, વેપાર, રોકાણ, કનેક્ટિવિટી, ઉર્જા, ટેકનોલોજી, શિક્ષણ અને સંસ્કૃતિ સહિતના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે. ક્રાઉન પ્રિન્સની મુલાકાત ભારત-UAE દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરશે અને નવા અને ઉભરતા ક્ષેત્રોમાં ભાગીદારી માટેના માર્ગો ખોલશે.

### અમેરિકામાં બોલ્યા કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધી

## ભારત જોડો યાત્રાએ મને અને દેશની રાજનીતિ બદલી નાખી

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૯: કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતા બન્યા બાદ પ્રથમ વખત અમેરિકાની મુલાકાતે છે. આ દરમિયાન તેણે અમેરિકાના ડલાસમાં યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાં ઈન્ટરવ્યુ દરમિયાન ભારત જોડો યાત્રા વિશે વાત કરી હતી. યાત્રાને લઈને રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારત જોડો યાત્રાએ મને અને દેશની રાજનીતિ બદલી નાખી.રાહુલ ગાંધી ૮ સપ્ટેમ્બરે અમેરિકા પહોંચ્યા હતા, જ્યાં તેઓ ૧૦ સપ્ટેમ્બર સુધી પ્રવાસ પર રહેશે. આ દરમિયાન કોંગ્રેસના નેતાઓ વિદ્યાર્થીઓ, પત્રકારો, ઉદ્યોગપતિઓ સહિત અનેક લોકો સાથે વાત કરશે. રાહુલ ગાંધી સાથેની મુલાકાત દરમિયાન ભારત જોડો યાત્રાને લઈને સવાલ પૂછવામાં આવ્યો હતો કે, તમે ૪ હજાર કિલોમીટરની યાત્રા કેવી રીતે કરી? જેના પર તેણે કહ્યું, પહેલા એ જાણવું જરૂરી છે કે મેં આ યાત્રા શા માટે શરૂ કરી? રાહુલ ગાંધીએ જવાબમાં કહ્યું, મેં ભારત જોડો યાત્રા શરૂ કરી કારણ કે સંદેશાવ્યવહારના દરેક માધ્યમો બંધ હતા, સંસદ, મીડિયા, અમે કાયદાકીય વ્યવસ્થામાં દસ્તાવેજો લઈ જતા હતા, કંઈ થયું નથી.

રાહુલ ગાંધીએ કહ્યું, ઘણા સમયથી અમને સમજાતું નહોતું કે કેવી રીતે વાત કરવી. પછી અમે વિચાર્યું કે જો મીડિયા તમને લોકો સુધી લઈ જતું નથી, જો સંસ્થાકીય સિસ્ટમ તમને લોકો સુધી લઈ જતી નથી, તો અમે સીધા જ જવાનું નક્કી કર્યું.

રાહુલ ગાંધીએ કહ્યું, જ્યારે અમે ભારત જોડો યાત્રા શરૂ કરી ત્યારે મને ઘૂંટણમાં દુખાવો થતો હતો અને ૩-૪ દિવસમાં મને લાગ્યું કે મેં શું કર્યું છે. તેણે કહ્યું, તમે સવારે ઉઠો છો અને વિચારો છો કે આજે તમારે ૧૦ કિલોમીટર ચાલવાનું છે, પરંતુ તમને લાગે છે કે તમારે ૪ હજાર કિલોમીટર ચાલવું પડશે. બંને બાબતોમાં ઘણો તફાવત છે. તેણે કહ્યું, પરંતુ આ પ્રવાસ મારા માટે મુશ્કેલ નહોતો.

રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારત જોડો યાત્રાએ મારા કામ વિશે વિચારવાની રીત બદલી નાખી છે. તેમણે એમ પણ કહ્યું કે, આ પ્રવાસે રાજકારણ પ્રત્યે મારો દ્રષ્ટિકોણ બદલી નાખ્યો છે. તેણે મારા દેશવાસીઓને જોવાની રીત બદલી નાખી છે, મારી તેમની સાથે વાતચીત કરવાની રીત બદલી છે, લોકોને સાંભળવાની રીત પણ બદલાઈ છે. રાહુલ ગાંધીએ કહ્યું, આ બધા બદલાવ માત્ર મારામાં જ નહીં, પરંતુ યાત્રામાં ભાગ લેનારા તમામ લોકોમાં પણ આવ્યા છે.

## ગુજરાતમાં આગામી ૩ દિવસ ભારે વરસાદની આગાહી કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૯: ગુજરાતમાં ધીમે-ધીમે વરસાદનું જોર ઘટી રહ્યું છે. છેલ્લા ત્રણ દિવસથી રાજ્યમાં છુટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ રાજ્યમાં યેલો અલર્ટસાથે ભારે વરસાદની આગાહી કરી છે. આજે દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદ સાથે યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગ અનુસાર, મોનસુન ટ્રફના કારણે આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યના કેટલા ભાગોમાં વરસાદની સંભાવના છે. તેમાં ખાસ કરીને રાજ્યના પૂર્વ વિસ્તારમાં આવેલા જિલ્લાઓમાં વરસાદી એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે છોટાઉદેપુર, દાહોદ, નર્મદા, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદ સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૧૦મી સપ્ટેમ્બરે દાહોદ, અરવલ્લી, નર્મદા મહીસાગર, છોટાઉદેપુર, પંચમહાલમાં વરસાદની શક્યતા છે. જ્યારે ૧૧મી સપ્ટેબરે દાહોદ, પંચમહાલ, વડોદરા અને છોટા ઉદેપુરમાં છુટાછવાયો વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મોનસુન ટ્રફની અસર ગુજરાત રાજ્યના કેટલાક જિલ્લાઓ પર વર્તાશે અને ત્યાં ભારે વરસાદ વરસી શકે છે. જ્યારે અમદાવાદ શહેરમાં ખૂબ જ હળવો છુટા છવાયો વરસાદ વરસી શકે છે, તથા શહેરમાં ભેજનું પ્રમાણ વધુ રહેવાથી વાતાવરણમાં ગરમી અને બફારાનો અનુભવ થાય છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો સરેરાશ ૧૨૨ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. સૌથી વધુ કચ્છ ઝોનમાં ૧૮૩ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૨૯ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૨૪ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાત ઝોનમાં ૧૧૮ ટકા અને ઉત્તર ગુજરાત ઝોનમાં ૧૦૬ ટકા વરસાદ નોંધાયો છે.

### દિલ્હીમાં મળ્યો હતો પહેલો શંકાસ્પદ કેસ

## મંકીપોક્સનો ફફડાટ: કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને આપ્યા કડક નિર્દેશ

### કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે એડવાઈજારી કરી છે, જેમાં વાયરલ ઈન્ફેક્સનું ઝડપથી સ્ક્રીનિંગ કરવા ઉલ્લેખ કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૯: ભારતમાં મંકીપોક્સનો શંકાસ્પદ કેસ સામે આવતા કેન્દ્ર સરકારે તમામ રાજ્યો માટે એડવાઈજરી જારી કરી છે. અહેવાલો મુજબ આરોગ્ય મંત્રાલયે શંકાસ્પદ વ્યક્તિઓની સ્ક્રીનિંગ અને કોન્ટેક્સ ટ્રેસિંગ કરવાની સલાહ આપી છે. મીડિયા અહેવાલો મુજબ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે સોમવારે એક એડવાઈજારી કરી છે, જેમાં વાયરલ ઈન્ફેક્સનું ઝડપથી સ્ક્રીનિંગ કરવા તેમજ સ્થિતિ પર નજર રાખવાનો ઉલ્લેખ કરાયો છે. જોકે અધિકારીઓએ ચિંતા ન કરવાની સાથે કહ્યું છે કે, આપણો દેશ બહારથી આવતા પ્રવાસીઓના આઈસોલેશન મામલે સંપૂર્ણ તૈયાર છે. મહત્વની વાત એ છે કે, વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ પણ અગાઉ મંકીપોક્સ મામલે ચિંતા વ્યક્ત કરી હતી. આ ગંભીર બિમારીના કારણે અત્યાર સુધીમાં અનેક લોકોના મોત થઈ ચુક્યા છે.

આરોગ્ય મંત્રાલયે રવિવારે દિલ્હીમાંથી શંકાસ્પદ કેસ મળ્યો હોવાની માહિતી આપી હતી. આ વ્યક્તિ વિદેશથી ભારત આવ્યો હતો અને તેને હોસ્પિટલમાં આઈસોલેશનમાં રાખવામાં આવ્યો છે. હાલ તેની સ્થિતિ સ્થિર છે, તેમ સરકારે જણાવ્યું છે. આરોગ્ય મંત્રાલયની જાહેરાતમાં કહેવાયું છે કે, શંકાસ્પદ દર્દીને ખરેખર મંકીપોક્સનો ચેપ લાગ્યો છે કે નહીં, તે જાણવા સેમ્પલની તપાસ કરવામાં આવી રહી છે.

મંત્રાલયે કહ્યું કે, 'પ્રોટોકોલ મુજબ શંકાસ્પદ કેસ અંગે સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી રહી છે અને સંભવિત ફેલાવાને અટકાવવા માટે સ્રોતોની ઓળખ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત તે દર્દીના સંપર્કમાં આવેલા લોકોની પણ ઓળખ કરવામાં આવી રહી છે. સરકારે કહ્યું કે, આ નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (દ્ગઝ્રડ્ઢઝ્ર) દ્વારા હાથ ધરવામાં આવેલા અગાઉના જોખમ મૂલ્યાંકનને અનુરૂપ છે અને કોઈ બિનજરૂરી ચિંતાનું કોઈ કારણ નથી.

ઉલ્લેખનીય છે કે, મંકીપોક્સના કેસોને ધ્યાને રાખી મહારાષ્ટ્ર સરકારે તકેદારીના ભાગરૂપે અગાઉથી મુંબઈની હોસ્પિટલમાં ૨૦ બેડનો વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (મ્સ્ઝ્ર) દ્વારા મુંબઈની સેવન હિલ્સ હોસ્પિટલમાં ૨૩ ઓગસ્ટના રોજ 'મંકીપોક્સ વોર્ડ' તૈયાર કરવામાં આવ્યો છે. ડબલ્યુએચઓના નિવેદન મુજબ વર્ષ ૨૦૨૨થી અત્યાર સુધીમાં ૧૧૬ દેશોમાં ૯૯૧૭૬ મંકીપોક્સના કેસ સામે આવ્યા છે, જેમાં કુલ ૨૦૮ લોકોના મોત થયા છે. ગત વરઅષે સંક્રમિત લોકોની સંખ્યામાં વધારો થયો હતો. જ્યારે આ વર્ષે તેનાથી પણ વધુ કેસો નોંધાઈ રહ્યા છે.

### ૨૮ લોકોની ધરપકડ કરવામાં આવી

## સુરતમાં ગણેશ પંડાલ પાસે પથ્થરમારો કરનાર ૧૨ વર્ષના ૬ કિશોર હતા

### પથ્થરબાજો ઉપર પણ સખ્ખાઈપૂર્વકનાં પગલાં લઈશું- ગૃહરાજ્યમંત્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત,તા.૯: સૈયદપુરામાં ગણેશ પ્રતિમા પર ૬ મુસ્લિમોએ પથ્થરમારો કરી તંગદિલી સર્જી હતી. રાત્રે ૯ વાગ્યા બાદ આ લોકોએ રિક્ષામાં આવી પથ્થરમારો કર્યો હતો. આયોજકોએ તમામને પકડીને પોલીસને સોંપ્યા હતા. હજારો લોકોએ મંડપથી ૧૦૦ મીટર દૂર સૈયદપુરા ચોકીને ઘેરી હતી. પોલીસ દ્વારા ટોળાને વિખેરવા ૧૦થી વધુ ટીયરગેસ છોડી લાઠીચાર્જ કરાયો હતો. આ ઘટનામાં ૨૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ૬ જેટલી ટીમો બનાવી તપાસ શરૂ કરી છે. સુરત શહેર પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોતે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યું હતું કે, ૧૨-૧૩ વર્ષના ૬ કિશોર દ્વારા રિક્ષામાં આવીને પથ્થરમારો કરવામાં આવ્યો હતો. રિક્ષાચાલક સહિત કિશોર આરોપીઓ ઉપર અટકાયતી કાર્યવાહી કરવામાં આવી છે. ત્રણ ગુના દાખલ કરવામાં આવ્યા છે. જુવેનાઈલ એક્ટ હેઠળ ગુના દાખલ કરવામાં આવ્યા છે. ધાર્મિક લાગણી દુભાય તે અંગે કેસ કરવામાં આવ્યો છે. ૨૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ત્રીજા કેસમાં બે ગાડી સળગાવવામાં અને ગાડીમાં તોડફોડ અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ૬ ટીમો બનાવવામાં આવી છે. જેમાં ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજી સહિત ટેકનિકલ સ્ટાફ સામેલ છે. શહેરના લોકો અફવા ઉપર ધ્યાન ન આપે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગયા વર્ષે પણ નાની ઉંમરના કિશોરોએ આવી ઘટનાને અંજામ આપ્યો હતો, બે દિવસ પહેલા પણ અન્ય એક ગણેશ પંડાલ પર પથ્થરમારો કર્યો હતો પણ કોઈએ માહોલ ન બગડે એ માટે ફરિયાદ દાખલ કરી નહોતી. ઘટના સ્થળ પર ડ્રોન સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે. ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ મોડીરાત્રે જણાવ્યું હતું કે, ગુજરાતની શાંતિ ભંગ કરવાનો કોઈપણ પ્રયાસ કરશે તો તેને ચલાવી લેવાશે નહીં. કેટલાક વ્યક્તિઓ દ્વારા તાળું મારવામાં આવ્યું હતું. પરંતુ એ તાળું તોડીને પણ પોલીસે ઘરમાંથી બહાર કાઢ્યા હતા. હું સ્પષ્ટ કહું છું કે, ગમે તેવાં તાળાં મારશો તો પણ તોડીને અમે બહાર કાઢીશું. પથ્થરબાજો ઉપર પણ સખ્ખાઈપૂર્વકનાં પગલાં લઈશું.

### સ્થિતિ તંગ થતાં પોલીસ દોડતી થઈ

## વડોદરામાં ફ્લેટની છત પર અરબી ઝંડો લગાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

વડોદરા,તા.૯: ગુજરાતમાં ગણેશોત્સવની રંગેચંગે ઉજવણી થઈ રહી છે. ત્યારે સુરતમાં ગઈકાલે રાત્રે વાતાવરણ તંગ થયું હતું. તો હવે વડોદરમાં પણ શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

શહેરના ભાયલી વિસ્તારમાં આવેલા અર્બન ૭ ફ્લેટ્સના ટેરેસ પર અરબી ઝંડો લગાડવામાં આવતા સ્થિતિ તંગ થવા પામી છે. આ મામલે સ્થાનિક કોર્પોરેટર નિતિન દોંગાને જાણ થતા જ તેઓ તાત્કાલિક દોડી આવ્યા હતા અને ઝંડો દુર કરાવ્યો હતો. ઘટનાને પગલે ફ્લેટ્સમાં મોટી સંખ્યામાં પોલીસ ખડકી દેવામાં આવી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

વડોદરા શહેરનું શાંતિપૂર્ણ વાતાવરણ ડહોળાય તેવા પ્રયાસો થયા હોવાનું સામે આવ્યું છે. શહેરના ભાયલી વિસ્તારમાં આવેલા અર્બન ૭ ફ્લેટ્સના ટેરેસ પર અરબી ઝંડો લહેરાઈ રહ્યો હોવાનું જોવા મળ્યું હતું. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક કોર્પોરેટર નિતિન દોંગા દોડી આવ્યા હતા. અને તાત્કાલિક અરબી ઝંડો દુર કરવામાં આવ્યો હતો. આ ઘટના અંગે જાણ થતા જ સ્થાનિક પોલીસ મોટી સંખ્યામાં દોડી આવી હતી.

કોર્પોરેટર નિતિન દોંગાએ કહ્યું કે, ટાવર પર ઝંડા લાગશે તો તોડી પાડવામાં આવશે. વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરશે તો પોલીસની જરૂર પણ નહીં પડે. અરબી ઝંડા કોઈ પણ જગ્યાએ નહીં લાગે. અમે ખોટું કરતા નથી. અને ખોટું થવા દઈશું નહીં. આ હિન્દુસ્તાન છે, બધા પ્રેમથી રહો. બાકી અમે મહાદેવના સંતાનો છીએ કોઈ હવામાં હશે તો હવા કાઢી દેવામાં આવશે. સમગ્ર ઘટના બાદ અર્બન ૭ ફ્લેટ્સ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું. પોલીસ દ્વારા અરબી ઝંડા લગાવનાર તત્વોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

### બાંગ્લાદેશમાં દુર્ગા પૂજા પર વચગાળાની સરકારની આવી તૈયારી

## મંદિરોની સુરક્ષા માટે મદરેસાના વિદ્યાર્થીઓને તૈનાત કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૯: દુર્ગા પૂજા દરમિયાન સંભવિત અશાંતિની આશંકા વચ્ચે, બાંગ્લાદેશની વચગાળાની સરકારે રવિવારે સંભવિત બદમાશો સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. સરકારે કહ્યું છે કે તે કોઈ પણ સંજોગોમાં હિંદુ તહેવારો દરમિયાન સાંપ્રદાયિક સંવાદિતાને ખલેલ પહોંચાડનારા અથવા પૂજા સ્થાનોને નિશાન બનાવનારાઓને બક્ષશે નહીં. આ ઉપરાંત મંદિરોની સુરક્ષા માટે મદરેસાના વિદ્યાર્થીઓને તૈનાત કરવાના આદેશ આપવામાં આવ્યા છે.ધાર્મિક બાબતોના સલાહકાર ડૉ. એએફએમ ખાલિદ હુસૈને કાલી મંદિરની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, 'જો કોઈ પૂજા સ્થાનો પર ઉપદ્રવ પેદા કરે છે અથવા પૂજા કરી રહેલા લોકોને હેરાન કરે છે, તો અમે તેમને છોડીશું નહીં. અમે તેમને કાયદાના દાયરામાં લાવીશું અને શાંતિ સુનિશ્ચિત કરીશું.'' દુર્ગા પૂજા ૮-૯ ઓક્ટોબરે છે.ખાલિદ હુસૈને હિંદુ સમુદાયના સભ્યોને તેમના તહેવારો ઉત્સાહ અને ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવવા વિનંતી કરી અને તેમને ખાતરી આપી કે તેમના મંદિરોને કોઈ નુકસાન થવા દેવામાં આવશે નહીં. હુસૈને કહ્યું, ''જો તમને તમારા મંદિરો પર હુમલાનો ડર છે, તો ખાતરી રાખો કે કોઈ પણ ગુનેગાર સફળ નહીં થાય. અમે મંદિરોની સુરક્ષા માટે મદરેસાના વિદ્યાર્થીઓ સહિત સ્થાનિક લોકોને તૈનાત કર્યા છે. અમારા પર કોઈ હુમલો કરશે નહીં અમારા ધાર્મિક તહેવારોની ઉજવણી અટકાવી શકે નહીં.''વચગાળાની સરકાર બાંગ્લાદેશને ભેદભાવ-મુક્ત અને સાંપ્રદાયિકતા-મુક્ત રાજયમાં પરિવર્તિત કરવા માંગે છે એમ જણાવતાં હુસૈને કહ્યું, ''અમારો ઉદ્દેશ્ય સુરક્ષિત અને સમૃદ્ધ સમાજ બનાવવાનો છે.'' શેખ હસીનાની હકાલપટ્ટી બાદ વિદ્યાર્થીઓની આગેવાની હેઠળની હિંસા દરમિયાન હિન્દુ લઘુમતી સમુદાયના વ્યવસાયો અને મિલકતોની તોડફોડ અને મંદિરો પર હુમલાની કેટલીક નોંધાયેલી ઘટનાઓ હતી. ૫ ઓગસ્ટે વિરોધ ચરમસીમાએ પહોંચ્યા બાદ હસીનાએ રાજીનામું આપી દીધું અને ભારત આવી ગયા. હુસૈન શનિવારે રાજશાહી સર્કિટ હાઉસ ખાતે સરકારી અધિકારીઓને મળ્યા હતા અને ચેતવણી આપી હતી કે દુર્ગા પૂજા પહેલા બદમાશો સાંપ્રદાયિક સૌહાર્દને જોખમમાં નાખવાનો પ્રયાસ કરી શકે છે.

### જમ્મુ-કાશ્મીરમાં ભાજપ ડેમેજ કન્ટ્રોલ મોડમાં

## જેમના પત્તાં કપાયા એવા નારાજ નેતાઓને સોંપી જવાબદારી

### નિર્મલ સિંહને રાજ્યની ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ અને ચૌધરી સુખ નંદનને રાજ્ય ચૂંટણી પ્રચાર સમિતિના ઉપાધ્યક્ષ બનાવાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

જમ્મુ, તા.૯:જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીને લઈને તમામ પક્ષો જોરશોરથી પ્રચારમાં જોડાઈ ગયા છે. આ દરમિયાન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ જમ્મુ કાશ્મીરમાં અનેક સંગઠનાત્મક ફેરફાર કર્યા છે. સત શર્માને જમ્મુ કાશ્મીરના કાર્યવાહક અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે આગામી વિધાનસભા ચૂંટણી માટે નિર્મલ સિંહને રાજ્યની ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ અને ચૌધરી સુખ નંદનને રાજ્ય ચૂંટણી પ્રચાર સમિતિના ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. પાર્ટીના આ ફેરફારને ડેમેજ કંટ્રોલ તરીકે જોવામાં આવી રહ્યું છે. હકીકતમાં કેટલાક દિગ્ગજ નેતાના પત્તા કપાયા હોવાથી ભાજપના સ્થાનિક નેતાઓમાં અસંતોષ જોવા મળી રહ્યો હતો. હકીકતમાં ભાજપે જેમને આ વખતે ટિકિટ નથી આપી, તેથી કેટલાક દિગ્ગજો નારાજ છે, એવા વરિષ્ઠ નેતાઓને મનાવવાની સતત કોશિશ કરી રહ્યું છે. ભાજપના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ મંત્રી સત શર્માને જમ્મુ કાશ્મીર ભાજપના કાર્યકારી અધ્યક્ષ તરીકેની આ નવી જવાબદારી આપવામાં આવી છે. તો ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી ડૉ. નિર્મલ સિંહને જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે કવિંદ્ર ગુપ્તાને ભાજપની ચૂંટણી પ્રબંધન સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે, ભાજપે અત્યાર સુધી જમ્મુ કાશ્મીર માટે ઉમેદવારોની ૬ યાદી જાહેર કર્યુ છે. જેમાં ભાજપના અનેક દિગ્ગજ નેતાઓની ટિકિટ કાપવામાં આવી છે. જેથી કરીને પક્ષમાં પણ અસંતોષ જોવા મળ્યો હતો. ભાજપ હવે આ નેતાઓને સંગઠનાત્મક જવાબદારી આપીને ડેમેજ કંટ્રોલ કરવા માંગે છે. ભાજપે રવિવારે જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની છઠ્ઠી યાદી જાહેર કરી હતી. આ યાદીમાં કુલ ૧૦ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા, જેમાંથી પાંચ મુસ્લિમ ઉમેદવારો હતા. પાર્ટીએ કઠુઆ વિધાનસભા સીટ પરથી ડો.ભારત ભૂષણને મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે પૂર્વ નાયબ મુખ્યમંત્રી કવિન્દર ગુપ્તાને તેમની ગાંધી નગર બેઠક પરથી ટિકિટ આપવામાં આવી નથી. કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં કુલ ૯૦ વિધાનસભા બેઠકો છે. ૪૭ બેઠકો કાશ્મીરમાં અને ૪૩ બેઠકો જમ્મુ વિસ્તારમાં છે. સીમાંકન પહેલાની વાત કરીએ તો ૨૦૧૪ની ચૂંટણી સુધી ૮૭ સીટો હતી, જેમાંથી ૩૭ બેઠકો જમ્મુમાં અને ૪૬ બેઠકો કાશ્મીરમાં હતી. લદ્દાખમાં પણ ચાર બેઠકો હતી. રાજ્યનો દરજ્જો બદલાયા બાદ લદ્દાખ અલગ કેન્દ્રશાસિત પ્રદેશ બની ગયો છે. ત્યારપછીના સીમાંકનમાં જમ્મુમાં ૬ અને કાશ્મીરમાં એક બેઠક વધી છે.

Tuesday 10, September 2024

# દમણગંગા ટાઇમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સામાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050



ગણદેવી તાલુકાનાં ઊંડાચ ગામે રાઘવ ફળિયામાં કેશર માતાજીની બાજુમાં જંગલી ઝાડના મૂળિયા પર આબેહૂબ ગણેશજીની છબી દેખાતા ભક્તો ભાવુક થયા હતાં. ગણપતિ બાપ્પાની સૂંઢ અને કાનનો આકાર પણ જોવાયો હતો. શ્રીજીની પ્રતિકૃતિ જોવા મળતા ભક્તોમાં કુતુહલ સર્જાયું હતું.



## પારડી પંથકમાં અઢી દિવસના શ્રીજીનું વિસર્જન કરાયું

**પારડી, તા.૦૯ :** પારડી પંથકમાં સ્થાપિત કરવામાં આવેલા અઢી દિવસના શ્રીજીની ૧૫૦થી વધુ પ્રતિમાઓનું આજરોજ પારડી પાર નદીમાં માંગેલા લાઈફ સેવર ટ્રસ્ટના સાહસિક યુવાનોએ વિસર્જિત કર્યા હતાં. પારડી પંથકમાં આવેલ સોસાયટીઓમાં અને કંપનીઓમાં તથા પોતાના ઘરોમાં શ્રી ગણેશ ભગવાનના ભક્તોએ સ્થાપિત કરેલ ગણેશ ભગવાનની પ્રતિમાઓનું આજરોજ ત્રીજા દિવસે અઢી દિવસના ગણેશ પ્રતિમાઓનું વાજતે ગાજતે વિસર્જન કરવામાં આવ્યો હતો. ભક્ત ભાઈ બહેનોએ પાર નદીના કિનારામાં બપોર બાદ પહોંચી સર્વપ્રથમ આરતી કરી હતી અને બાદમાં શ્રદ્ધાપૂર્વક ગણપતિ બાપ્પા મોરિયાના જય જય કારા સાથે શ્રી ગણેશ ભગવાનને વિસર્જિત કર્યા હતાં. માંગેલા લાઈફ સેવર ટ્રસ્ટના યુવાનોએ સાહસપૂર્વક ૧૫૦થી વધુ પ્રતિમાઓનો વિસર્જન કર્યું હતું. પારડીના પીઆઈ જી.આર. ગઢવી આવી પહોંચ્યા હતાં અને કાયદો વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. ખૂબ જ શાંતિમય વાતાવરણમાં આજરોજ શ્રીજીની પ્રતિમાઓ અને વિસર્જિત કરવામાં આવી હતી.



દાનહ કાપડી સમાજ દ્વારા ગણપતિ સ્થાપના કરવામા આવી હતી. જેમાં ગણેશજીની મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ બાપાને છપ્પન ભોગ ધરાવવામાં આવ્યો હતો. મહા આરતીમાં દાનહ કાપડી સમાજના લોકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.



આજરોજ અઢી દિવસના ગણપતિ બાપાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. વાંસદા નગરમાં અઢી દિવસના ગણપતિ ઘરે પૂજા અર્ચના કર્યા બાદ આજ રોજ નદી કિનારે ગણપતિ બાપાનું વિસર્જન કરવામાં આવ્યું.



ગિરિમથક સાપુતારાનાં સાંઈ મંદિર ખાતે ભક્તોએ શ્રીજી વિઘ્નહર્તાની પ્રતિમાનું સ્થાપન કર્યુ હતું. ત્યારે ભક્તોએ સોમવારે ત્રીજા દિવસે અશ્રુભીંની આંખે વિઘ્નહર્તાને વિદાય આપી વિસર્જન કર્યુ હતું. સોમવારે સાપુતારાના સર્પ ગંગા તળાવમાં વિધિવત રીતે વિસર્જન કરવામાં આવ્યુ હતું.

## અતુલ હાઈવે પાસે દારૂ સાથે એક ઝડપાયો : બે વોન્ટેડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૯ :** વલસાડ રૂરલ પોલીસ મથકની ટીમને મળેલી બાપની આધારે અતુલ હાઈવે ઓવરબ્રીજ પર વોચ ગોઠવી ઊભા રહેતા બાતમીવાળો શાકભાજી ભરેલો ટેમ્પા અટકાવી તપાસ કરતા દારૂની બાટલી નંગ ૩૧૯૨ ટેમ્પો મળી કુલ ૮.૯૮ લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે પીકઅપ ટેમ્પો ચાલકની ધરપકડ કરી છે. જ્યારે પોલીસે બે ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા છે.

વલસાડ જિલ્લા પોલીસ વડા ડૉ. કરનરાજ વાઘેલાની સુચનના આધારે વલસાડ રૂરલ પોલીસની ટીમ પોલીસ મથક હદ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. જે દરમ્યાન વલસાડ રૂરલ પોલીસને બાતમીના આધારે એક પિકઅપ ટેમ્પો નં.એમએચ ૧૫ એચએચ ૮૩૧૪ માં દારૂનો જથ્થો ભરી પિકઅપ ટેમ્પો ચાલક વલસાડ હાઈવે થઈ સુરત તરફ જવાનો હોવાની બાતમી આધારે વલસાડ રૂરલ પોલીસની ટીમ અતુલ બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. દરમ્યાન બતમીવાળો પિકઅપ ટેમ્પોને અટકાવી તેને ચેક કરતા શાકભાજીના કેરેટની આડમાં ૩૧૯૨ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. વલસાડ રૂરલ પોલીસે દારૂનો જથ્થો, પિકઅપ ટેમ્પો અને મોબાઈલ મળી કુલ રૂા. ૮.૯૮ લાખનો મુદ્દામાલ સાથે પીકઅપ ટેમ્પો ચાલકની ધરપકડ કરી હતી. જ્યારે ૨ ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા હતાં. જે અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અબ્રામાની સોસાયટીનાં બંધ મકાનમાંથી રૂા.૪.૭૬ લાખની ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૯ :** અબ્રામા ગોકુલધામ સોસાયટીના પાર દર્શન પ્લોટનાં બંધ મકાનમાંથી ચોરટાઓ સોનાના દાગીના, રોકડા મળી કુલ રૂા. ૪.૭૬ લાખની માતાની ચોરી થતા સોસાયટીના રહીશોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

વલસાડ શહેરના અબ્રામા વિસ્તારમાં આવેલી ગોકુલધામ સોસાયટીના પારદર્શન પ્લોટ નંબર ૧૭૭માં નીરજભાઈ ચંદ્રકાંતભાઈ કંબોયા રહે છે અને નીરજભાઈ કંબોયા જેઓ લેબોરેટરીના સાધનોનો વેપાર કરે છે. નીરજભાઈનો પુત્ર ઓમકારેશ્વર અમદાવાદમાં ડેન્ગ્યુમાં સપડાતા નીરજભાઈ તેમની પત્ની સાથે ઘર બંધ કરીને અમદાવાદ ગયા હતાં. જે દરમિયાન ચોરટાઓએ નીરજભાઈના બંધ મકાનમાં પ્રવેશ કરી અંદર મુકેલુ સોનાનું મંગળસૂત્ર, સોનાના બે પાટલા, સોનાની બુટ્ટી, સોનાની ચેન, ચાંદીનો સિક્કા, રોકડા રૂા. ૮૦,૦૦૦ મળી કુલ ૪,૭૬,૪૫૬ રૂપિયાની ચોરી થવાની ઘટના બનતા સોસાયટીમાં ચકચાર મચી જવા પામી હતી. જે અંગે વલસાડ સીટી પોલીસ મથકમાં ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## અંજલાવના યુવકનું વિજકરંટથી મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૯ :** વલસાડ તાલુકાના અંજલાવ ગામે રહેતા ૨૮ વર્ષીય યુવાન પોતાના ઘરની નજીક આવેલ ખેતરમાં કામ કરવા જતી વખતે નીચે પડેલા ઈલેક્ટ્રીક વાયર ઉપર પગ મૂકાતા તેને જોરદાર ઈલેક્ટ્રિક કરંટ લાગતા તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

વલસાડ તાલુકાના અંજલાવ ગામના ચાર રસ્તા પર કૃષ્ણરાજ દિલીપભાઈ પટેલ રહે છે. કૃષ્ણરાજ ગઈકાલે ખેતરમાં કામ કરવા માટે ગયો હતો તે દરમિયાન ઘર વપરાશ માટે ખેતર જતી વખતે ઈલેક્ટ્રીક વીજ વાયર પર પગ પડતા કૃષ્ણરાજને જોરદાર વીજ કરંટ લાગતા તેને તાત્કાલિક ગામોમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં સારવારથી લઈ જતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતા ગ્રામજોનો હોસ્પિટલ પર દોડી ગયા હતાં. વલસાડ રૂરલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## થાલા પાસે બાઈક અડફટે વૃધ્ધાનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૦૯ :** ચીખલીના થાલા ગામે રાત્રિના સમયે રસ્તો ક્રોસ કરી રહેલી એક વૃદ્ધ મહિલાને મોટરસાયકલ સવારે અડફેટે લેતા આ વૃદ્ધ મહિલાનું સ્થળ ઉપર જ કરુણ મોત નીપજ્યું હોવાની ઘટના ચીખલી પોલીસ મથકે નોંધાવા પામી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી નજીકના થાલા ગૌચરણ ફળિયા આલીપોરથી કોલેજ આવતા રોડ ઉપર જય અંબે બેટરીની દુકાનની સામે સાંજે આઠેક વાગ્યાના અરસામાં એક વૃદ્ધ મહિલા દિવાળીબેન ઝીણાભાઈ હળપતિ ઉ.વ. ૮૧ રહે. થાલા ગૌચરણ ફળિયા જે રસ્તો ક્રોસ કરી રહી હતી. દરમિયાન એક હીરોહોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ નં. જીજે ૦૫ એફઈ ૮૪૨૯નો ચાલક સંજય નાનુભાઈ ગોહિલ રહે ઓમકાર સોસાયટી પુણાગામ સુરત તા.જી. સુરત જેણે પોતાની ગાડી પૂરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી આ વૃદ્ધ મહિલા સાથે અથડાવી દેતા મહિલાને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા પહોંચતા જેનું સ્થળ ઉપર કરુણ મોત નીપજ્યું હતું. જે બનાવ અંગેની જાણ અજય બચુભાઈ હળપતિનાએ કરતાં આગળની વધુ તપાસ ચીખલી પોલીસે હાથ ધરી છે.

## કોટલાવનો યુવક ગુમ થયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૯ :** પારડી તાલુકાના કોટલાવ ગામ બંદર ફળિયાના મૂળ રહેવાસી અને હાલ પારડી ભેંસલાપાડામાં આવેલી સ્મશાનભૂમિમાં કામ કરી ત્યાં જ શેડમાં રહેતા સતિષ બાબુભાઈ પટેલ ઉ.વ. ૪૦ જે ગત તા. ૨૧ ઓગસ્ટના રોજ સાથે કામ કરતા ગૌરવભાઈ સાથે સાંજે જમી પરવારી ત્યાં સૂઈ ગયા બાદ બીજા દિવસે પાંચેક વાગ્યે ઉઠી તે કોઈને કશું કહ્યા વગર ત્યાંથી ચાલી નીકળ્યો હતો. જેથી તેની આજુબાજુ વિસ્તારમાં શોધખોળ શરૂ કરવામાં આવી હતી. પરંતુ તેનો કશે પણ પત્તો ન લાગતાં પારડી પોલીસ મથકે સમગ્ર બાબત જણાવી સતિષ ગુમ થયો હોવાની ફરિયાદ નોંધાવી છે.

## પારનેરા પારડીની વાંકી કિનારે અજાણ્યો મૃતદેહ મળ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૯ :** પારનેરા પારડી ખોખરા ફરીયા વાંકી નદી કિનારેથી આશરે ૪૦થી ૪૫ વર્ષથી અજાણ્યા ઈસમની સળી ગયેલી હાલતમાં લાશ મળી આવતા વલસાડ રૂરલ પોલીસની ટીમ દોડી ગઈ હતી. પોલીસે લાશનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ કરવા માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવી છે.

વલસાડ તાલુકાના પારનેરા પારડી ખોખરા મોરા ફળિયા વસુધરા ડેરીની બાજુમાં વાંકી નદી કિનારે પાણીમાંથી એક ઉ.વ. ૪૦થી ૪૫ વર્ષીય જાણ્યા ઈસમની સડી ગયેલી હાલતમાં લાશ જોવા મળતા ગામના કિરણભાઈ રાજુભાઈ મેનન એ વલસાડ પુરણ પોલીસ મથકની ટીમને જાણ કરી હતી. વલસાડ રૂરલ પોલીસની ટીમ તત્કાલિક દોડી ગઈ હતી. ઘટના સ્થળે એફએસએનએલ ટીમ પણ પહોંચી ગઈ હતી. અજાણ્યા ઈસમની લાશનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવી છે.

## બીનવાડાની પ્રસૂતાને ૧૦૮માં સલામત ડિલીવરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૯ :** વલસાડ તાલુકાના બીનવાડ ગામમાં રહેતી સવિતાબેન જયેશભાઈ નાયકા ઉંમર ૩૩ વર્ષને ૦૮/૦૯/૨૦૨૪ના રોજ રાત્રીના સમયે પ્રસૂતિનો દુઃખાવો ચાલુ થયો હતો એટલે તેમણે હોસ્પીટલ લઈ જવા માટે ૧૦૮ને કોલ કરેલ જે બાદ રોણવેલ ૧૦૮ની ટીમે બીનવાડ ગામ માં જઈને મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સ માં બેસાડી હોસ્પિટલ જવા નીકળ્યા હતાં. આ દરમ્યાન હોસ્પીટલથી ૧૦ કિલોમીટર દૂર હતાને સવિતાબેનને અસહ્યઃ પીડા ચાલુ થઈ હતી એટલે ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ ડિલેવરી કરાવાની ફરજ પડી હતી એટલે ૧૦૮ ને રોડ ની સાઈડમાં ઊભી રાખીને ઈ.એમ.ટી જોરાભાઈ સોલંકી અને પાયલોટ જયેશભાઈ પટેલ દ્વારા ડિલેવરી કરાવતા હતા ત્યારે બાળકના ગળામાં ગર્ભનાળ વીંટળાયેલ હતી જેને ઈ.એમ.ટી જોરાભાઈ સોલંકી એ સાવચેતી પૂર્વક દૂર



કરી ને ડિલેવરી કરવામાં આવી, ત્યારે બાળક ના મોંમાં ફલુઈડ ભરાયેલ હતું એટલે સકશન મશીન દ્વારા ફલૂઈડ કાઢીને અમદાવાદ હેડ ઓફીસ પર હાજર ડો. મિહિરની સલાહ મુજબ જરૂરી ઈન્જેકશન આપી બાળક તથા માતાનો જીવ બચાવ્યો હતો. સવિતાબેનના પરિવારે ૧૦૮ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સેલવાસની નમો મેડિકલમાં જાતિય સતામણી નિવારણ અંગે કાર્યક્રમ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૦૯ :** ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી સેલવાસની લીગલ સર્વિસ કમિટીના નેજા હેઠળ જીએનએલયુના અધ્યાપકોએ ગયા અઠવાડિયે નમો મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ માટે જાતીય સતામણી નિવારણ પર એક તાલિમ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં નમો મેડિકલ કોલેજના ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દાનહ કલેક્ટરએ પણ આ પહેલની પ્રશંસા કરી હતી.

આગામી બે - ત્રણ અઠવાડિયામાં નમો મેડિકલ કોલેજના ઈન્ટર્ન અને રેસીડન્ટ ડોક્ટરો, નોન-ટીચિંગ સ્ટાફ તેમજ શ્રી વિનોભા ભાવે નર્સિંગ કૉલેજના વિદ્યાર્થીઓને પણ જાતીય સતામણી નિવારણ પર તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## હિંગરાજના દરિયામાં પાલઘરના ખલાસીનું ચક્કર આવતા મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૯ :** દહાણુના ખલાસીને હિંગરાજ ભદેલી ગામે દરિયા કિનારેથી ૧૦ માઈલમાં ૪૦ વર્ષિય ઈસમને ઝાડા-ઉલટી થતાં બેભાન થઈ ગયા બાદ મોત નીપજવાની ઘટના બનતા બોટ માલિકે વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ આપી છે.

વલસાડ તાલુકાના હિંગરાજ ગામની આંબાવાડીમાં રહેતા નરેશભાઈ જયરામભાઈ ટંડેલે વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૩૦/૦૮/૨૦૨૪ના રોજ મુંબઈથી ગુજરાતના દરિયાના વિસ્તારોમાં મચ્છીમારી કરવા માટે નવ ખલાસીઓ સાથે વલસાડના હિંગરાજ ગામને દરિયા કિનારેથી ૧૦ માઈલ અંદર બોટ લઈને મચ્છીમારી કરતા હતાં. જે બોટમાં સુનિલભાઈ પણ કરતો હતો તે દરમિયાન ગઈ તા.૦૭/૦૯/૨૦૨૪ના રોજ આશરે બપોરના ૨:૩૦ કલાકે સુનિલભાઈને ઝાડા-ઉલ્ટીઓ થવા લાગતા અમોએ રાખેલ ઝાડા તથા ઉલ્ટીની ટેબલેટ પીવા માટે લીધેલ હતી અને તેઓ દવા લઈ આરામ કરતા હતાં ત્યારબાદ તેઓ થોડા સમય માટે બેસેલ હતાં. ત્યારબાદ અચાનક સુનિલભાઈ બેભાન થઈ ઢળી પડતા બોટને બીજા આઠ ખલાસી સાથે કિનારે લઈ ગયા હતાં. મરણ ગયેલા સુનિલભાઈ અશોકભાઈ કોમ ઉ.વ.૪૦ રહે.દહાણુ વાંકી કસારા તા. દહાણુ જી. પાલઘર, મહારાષ્ટ્ર મરણ જતાં જે અંગે બોટ માલિક ચંપકભાઈ ગોપાલભાઈ ટંડેલને જાણ કરી હતી અને મરણ જનાર સુનિલભાઈની લાશને વલસાડ સિવીલ હોસ્પિટલમાં પી.એમ. માટે મોકલી દેવામાં આવી હતી. જે અંગે વલસાડ રૂરલ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## સુરતથી સરીગામની તિરંગા ઉજાસ યાત્રા વલસાડ પહોંચી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)




**વલસાડ, તા.૦૯ :** લાયન્સ ક્લબ સુરત ઈસ્ટ અને રેડ ક્રોસ ચોર્યાસી બ્રાન્ચ, લોકદ્રષ્ટિ ચક્ષુબેંક, લાયન્સ ક્લબ સુરત ઈસ્ટ, રોટરી ક્લબ સુરત ઈન્ટર નેશનલ ૩૦૬૦ પ્રેરિત ચક્ષુદાન જાગૃતિ પખવાડીયા અંતર્ગત આજ રોજ પખવાડીયાના સમાપન દિવસે સુરતથી સરીગામ તિરંગા ઉજાસ યાત્રા સુરત જીલ્લા સેવા સદનથી નીકળી, નવસારી, ગણદેવી, બીલીમોરા, આતલિયા, ચીખલી થઈ વલસાડ આવી હતી.

વલસાડમાં રેડ ક્રોસ, વલસાડ રકદાન કેન્દ્ર તથા વલસાડ લાયન્સ ક્લબ પરિવાર તરફથી સેકન્ડ વી.ડી.જી. હેમલ પટેલ, ડો. યોગેશભાઈ, ફાલ્ગનીબેન તેજસભાઈ તથા ડો. ઈટાલીયાએ સ્વાગત કરી નેત્રદાન તથા રકદાનની જાગૃતિ લાવવા માટે નીકળેલ સારથીઓનું સન્માન કરી ડો. પ્રફુલ્લ શિરોયા અને તેની ટીમના સેવાના કાર્યોને અભિનંદન આપી નેત્રદાનની જરુરીયાત વિશે જાગૃતિ લાવવા નેત્રદાન કરવા સંકલ્પી બનવા અપીલ કરી હતી.

બન્ને આંખે ત્રણ વર્ષ પહેલા દ્રષ્ટી ગુમાવેલ અને બે વર્ષ પહેલા બન્ને આંખમાં કાળી કીકીનું પત્યારોપણ કરાવીને ફરી દ્રષ્ટીવાન બનેલ નવ યુવાન ૧૮ વર્ષના આંનદકુમાર વિનુભાઈ જાદવ દ્વારા યાત્રા દરમિયાન સમપર્કમાં આવનાર તમામને નેત્રદાતા સંકલ્પી બનવા અપીલ કરી હતી.

યાત્રાના સાયોજક ડો. પ્રફુલ્લભાઈ શિરોયાએ નેત્રદાન વિશે પુરતી માહીતી આપીને નેત્રદાન પ્રવૃતિને વેગવંતી કરવા સૌને અપીલ કરી હતી. લોકદ્રષ્ટી ચક્ષુબેંકના ૨૭ વર્ષથી નેત્રદાન જાગૃતિથી અત્યાર સુધી અસંખ્ય લોકો નેત્રદાનથી ફરી દ્રષ્ટીવાન બનવા માટે સૌ કોઈ લોકોને આગળ આવીને આ પ્રભુકાર્યમાં જોડાવાની અપીલ કરી હતી. વલસાડના લાયન પરિવાર અને વલસાડ રેડ ક્રોસ મિત્રોએ યાત્રાને વાપી તરફ જવા માટે પ્રસ્થાન કરાવ્યું હતું.





વાપીની જાણીતી ગોકુલ વિહાર ટાઉનશીપમાં પ્રમુખ હર્ષદભાઈ કોઠારી અને માનદ મંત્રી બિપીનભાઈ દેસાઈની આગેવાનીમાં ગણેશોત્સવનું રંગેચંગે આયોજન કરવામાં આવ્યું હતું અને આજે વાજતે ગાજતે વિસર્જન યાત્રા યોજવામાં આવી હતી. આગલા દિવસે રાત્રે બાળકો માટે વિવિધ રમતોનું પણ આયોજન કરાયું હતું.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**